Sunday, 22 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



શૌચાલયને આપણાં ડ્રોઈંગ રૂમની જેમ સ્વચ્છ રાખવું જરૂરી છે. - મહાત્મા ગાંધીજી

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૦ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ પાંચમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# ભારત અને બ્રાઝિલ બંને દેશો વચ્ચે વેપાર કરાર પર હસ્તાક્ષર થયા



## આ ટ્રેડ ડીલથી આગામી સમયમાં બંને દેશો વચ્ચે વ્યાપારિક આદાનપ્રદાન વધવાની સાથે સંરક્ષણ, ટેકનોલોજી અને કૃષિ જેવા ક્ષેત્રોમાં પણ સહકારના નવા દ્વાર ખુલશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૧:** ભારત અને બ્રાઝિલના સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે, જ્યારે બંને દેશોએ મહત્વકાંક્ષી ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લૂલા ડી સિલ્વા વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય વાટાઘાટોમાં અર્થતંત્રને નવી ગતિ આપી શકે તેવા અનેક મહત્વના મુદ્દાઓ પર સહમતિ બની છે. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ લૂલા અને તેમના પ્રતિનિધિમંડળનું ભારતમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

વડાપ્રધાને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ લૂલાના વિઝન અને પ્રેરણાદાયી નેતૃત્વનો ભારત-બ્રાઝિલના સંબંધોને લાંબા સમયથી લાભ મળ્યો છે અને આ નવી સમજૂતી બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં બંને નેતાઓ વચ્ચે અનેક મુલાકાતો થઈ છે અને દરેક વખતે ભારત પ્રત્યે રાષ્ટ્રપતિ લૂલાની ઊંડી મિત્રતા અને અતૂટ વિશ્વાસ સ્પષ્ટપણે અનુભવાયો છે. પીએમ મોદીના મતે રાષ્ટ્રપતિ લૂલાનો આ ભારત પ્રવાસ ઐતિહાસિક 'AI ઈમ્પેક્ટ સમિટ' ને પણ નવી ઉર્જા આપશે. આ ટ્રેડ ડીલથી આગામી સમયમાં બંને દેશો વચ્ચે વ્યાપારિક આદાનપ્રદાન વધવાની સાથે સંરક્ષણ, ટેકનોલોજી અને કૃષિ જેવા ક્ષેત્રોમાં પણ સહકારના નવા દ્વાર ખુલશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને બ્રાઝિલ વચ્ચેના આર્થિક સંબંધોની મજબૂતી પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, લેટિન અમેરિકામાં બ્રાઝિલ ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર છે. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વ્યાપારને ૨૦ અબજ ડોલરથી આગળ લઈ જવા માટેની કટિબદ્ધતા દર્શાવી છે. પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે, આપણો વ્યાપાર માત્ર એક આંકડો નથી, પરંતુ તે પરસ્પર અતૂટ વિશ્વાસની ઝલક છે. રાષ્ટ્રપતિ લૂલાની સાથે ભારત આવેલા વિશાળ બિઝનેસ પ્રતિનિધિમંડળની હાજરી જ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે વ્યાપારી સંબંધો કેટલા ગાઢ અને ભરોસાપાત્ર છે. આ મુલાકાત દરમિયાન ટેકનોલોજી અને ઈનોવેશન પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે ટેકનોલોજીમાં સહયોગ માત્ર ભારત અને બ્રાઝિલ માટે જ નહીં, પરંતુ સમગ્ર 'ગ્લોબલ સાઉથ' એટલે કે વિકાસશીલ દેશો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડિજિટલ ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં બંને દેશોની ભાગીદારી અન્ય વિકાસશીલ દેશોને પણ પ્રગતિની નવી દિશા બતાવી શકે છે. આ સમજૂતીથી ભવિષ્યમાં ડિજિટલ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો આવવાની આશા છે.

# ટેરિફ કેસમાં US કોર્ટના ચુકાદા વચ્ચે રાહુલ ગાંધીના પ્રહાર

## ભારત-અમેરિકા ટ્રેડ ડીલમાં દેશના હિતો સાથે સમાધાન કરવામાં આવ્યું છે અને હવે તેની સત્યતા સામે આવી રહી છેઃ PM મોદી ફરીથી સરેન્ડર કરશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૧:** અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ (આયાત શુલ્ક) ને લઈને સર્જાયેલા વિવાદે હવે ભારતના રાજકારણમાં પણ ગરમાવો લાવી દીધો છે. અમેરિકી સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો છે કે, ભારત-અમેરિકા ટ્રેડ ડીલમાં દેશના હિતો સાથે સમાધાન કરવામાં આવ્યું છે અને હવે તેની સત્યતા સામે આવી રહી છે. અમેરિકી સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફને રદ કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિને આ પ્રકારના શુલ્ક લાદવાનો અધિકાર નથી. કોર્ટના આ ચુકાદાના થોડા જ કલાકોમાં ટ્રમ્પે વૈશ્વિક સ્તરે ૧૦ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું કે તેઓ એક નવા આદેશ પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે, જેના હેઠળ વિશ્વભરના દેશો પર ૧૦% ગ્લોબલ ટેરિફ લાગુ થશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું છે કે, ''વડાપ્રધાને સમજૂતી કરી લીધી છે, તેમની છેતરપિંડી હવે સામે આવી ગઈ છે. તેઓ ફરીથી વાતચીત કરી શકશે નહીં, તેઓ ફરીથી સરેન્ડર (શરણાગતિ) કરી દેશે.''

કોંગ્રેસ સતત આરોપ લગાવી રહી છે કે ભારત-અમેરિકા ટ્રેડ ડીલમાં ભારતીય હિતો, ખાસ કરીને ખેડૂતો અને નાના વેપારીઓની અવગણના કરવામાં આવી છે. આ પહેલીવાર નથી જ્યારે રાહુલ ગાંધીએ ટ્રેડ ડીલ અને ટેરિફના મુદ્દે સરકારને ઘેરી હોય. આ અગાઉ પણ સંસદ અને જાહેર મંચો પરથી તેઓ પીએમ મોદીની નીતિઓની ટીકા કરી ચૂક્યા છે.

**ભારત-અમેરિકા ટ્રેડ ડીલની મુખ્ય વિગતોઃ**

- ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી વાતચીત બાદ ૭ ફેબ્રુઆરીએ સમજૂતીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ સમજૂતી હેઠળ ભારતીય કૃષિ ઉત્પાદનોને અમેરિકામાં ઝીરો ટેરિફ પર નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- બીજી તરફ, અમેરિકી કૃષિ ઉત્પાદનોને ભારતમાં ટેરિફમાં કોઈ ખાસ છૂટ આપવામાં આવી નથી.
- ભારત સરકારનો દાવો છે કે ખેડૂતો અને ડેરી ક્ષેત્રના હિતો સાથે કોઈ સમાધાન કરવામાં આવ્યું નથી.






## સુવિચાર - સદ્વિચાર

હિંમત અને ધૈર્ય સાથે આગળ વધો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### હો... મારે આજની ઘડી રે રળિયામણી

હો... મારે આજની ઘડી રે રળિયામણી,
હાં રે ! મારો વાલો આવ્યાની વધામણી હોજી રે... મારે.

હા જી રે તરિયા તોરણ તે બંધાવિયા,
મારા વાલાજીને મોતીડે વધાવિયા રે... મારે.

હા જી રે લીલા, પીળા તે વાંસ વઢાવિયા,
મારા વાલાજીનો મંડપ રચાવિયો રે... મારે.

હા જી રે ગંગા-જમનાના નીર મંગાવીએ,
મારા વાલાજીના ચરણ પખાળિયે રે... મારે.

હા જી રે સોનારૂપાની થાળી મંગાવીએ
માંહે ચમકતો દીવડો મેલાવિયે રે... મારે.

હા જી રે તન, મન, ધન, ઓવારિયે,
મારા વાલાજીની આરતી ઉતારીએ રે... મારે.

જી રે રસ વધ્યો છે અતિ મીઠડો,
મે'તા નરસિંહનો સ્વામી દીઠડો રે... મારે.

**- નરસિંહ મહેતા**

## આજની જોક

એકવાર સંતાએ રોડ પર બહુ બધાને દોડતા જોયાં. એ જોઈને તેમને બાજુ પર ઉભેલા બંતાને
પૂછ્યૂ - આ બધા કેમ દોડી રહ્યા છે ?
બંતા - મેરેથોન દોડ યોજાઈ રહી છે.
સંતા - તેનાથી તેમને શુ ફાયદો થવાનો છે ?
બંતા - જે જીતશે તેને ઈનામ મળશે.
સંતા - તો પછી બીજા કેમ દોડી રહ્યા છે ?

## કબીર વાણી

**ગેબી આયા ગેબસે, ઔર યહાં લગાઈ એબ;**
**ઉલટ સમાનાં ગેબમે, તો મિટ જાય સબ એબ.**

**- અર્થાત-**

આ અણદીઠ જીવ, ઈશ્વરમાંથી નિકળ્યો છે પણ નાશવંત જગતમાં આવવા અને કાર્યો કરવા માટે પોતા ઉપર અનેક પ્રકારનાં શરીરો ધારણ કર્યાં છે, તેથી તેનામાં દુર્ગુણો ને ખામીઓ પેદા થઈ છે. એ જીવ, શરીર સાથે એટલો લપટાઈ ગયો છે, કે શરીરના સર્વ દોષો (અવગુણો) તેને લાગુ પડ્યા છે; તે વિષયો તરફ દોડે છે, ને વિષયોમાં તેનો લય થયા કરે છે; તેને બદલે જો તે જીવ ઉલટો યાને-ઈશ્વર તરફ દોડે યાને દીલ લગાડે, ને ઈશ્વરમાંજ તેનો લય થાય, તો તેની સર્વ ખામીઓ મટી જાય.

## આજનો દિન વિશેષ

### ઈન્દુલાલ યાજ્ઞિક

ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક (૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨ - ૧૭ જુલાઈ ૧૯૭૨) એક ભારતીય સ્વતંત્રતા કાર્યકર્તા હતા, જેમણે જર્મનીથી ભારત માટે ભારતીય ત્રિરંગી ધ્વજ ખરીદ્યો હતો. તેઓ અખિલ ભારતીય કિસાન સભાના નેતા હતા અને ૮ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ ગુજરાતના અલગ રાજ્યના દરજ્જાની માગણીનું નેતૃત્વ કરનાર મહાગુજરાત ચળવળનું નેતૃત્વ કરનારા એક હતા. તેઓ ઈન્દુ ચાચા તરીકે પણ ઓળખાય છે. તેઓ લેખક અને ફિલ્મ નિર્માતા પણ હતા.

યાજ્ઞિક ૧૯૫૭માં અગાઉના બોમ્બે રાજ્યના અમદાવાદ મતવિસ્તારમાંથી ૨જી લોકસભા માટે ચૂંટાયા હતા. તેઓ ૧૯૬૨ થી ૧૯૭૨ દરમિયાન તે જ મતવિસ્તારમાંથી ૩જી, ૪થી અને ૫મી લોકસભા માટે ફરીથી ચૂંટાયા હતા.

યાજ્ઞિકનો જન્મ નડિયાદ, ખેડા, ગુજરાતના ઝગડિયા પોળ ખાતે નાગર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતા કનૈયાલાલ ભણતી વખતે નાની ઉંમરે મૃત્યુ પામ્યા. યાજ્ઞિકે તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નડિયાદમાં પૂર્ણ કર્યું અને ૧૯૦૬માં મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓ અમદાવાદની ગુજરાત કોલેજમાં જોડાયા. મધ્યવર્તી પરીક્ષા પાસ કર્યા પછી, તેણે સેન્ટ ઝેવિયર્સ કોલેજ, બોમ્બેમાં પ્રવેશ લીધો અને બી.એ. ત્યાંથી પરીક્ષા પાસ કરી. ૧૯૧૨માં તેમણે એલ.એલ.બી. પરીક્ષા પાસ કરી.

યાજ્ઞિક જર્મનીના સ્ટુટગાર્ટથી ત્રિરંગી ધ્વજ લાવ્યો હતો જે મેડમ કામાએ ફરકાવ્યો હતો. યાજ્ઞિક તેના કોલેજકાળ દરમિયાન એની બેસન્ટથી ખૂબ જ પ્રભાવિત હતા. ૧૯૧૫માં, જમનાદાસ દ્વારકાદાસ અને શંકરલાલ બેંકર સાથે, તેમણે બોમ્બેથી અંગ્રેજી ભાષાનું સામયિક યંગ ઈન્ડિયા પ્રકાશિત કર્યું. તે જ વર્ષે, ગુજરાતી માસિક નવજીવન અને સત્યનું પ્રકાશન શરૂ થયું. યાજ્ઞિક ૧૯૧૯ સુધી તેના સંપાદક હતા, જ્યારે તેમણે તેને મહાત્મા ગાંધીને સોંપ્યું હતું. તેમણે ગાંધીજીની આત્મકથાના પ્રથમ ૩૦ પ્રકરણો તેમની પાસેથી શ્રુતલેખન લીધા બાદ યરવડા જેલમાં લખ્યા હતા.

તે જ વર્ષે તેઓ સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીમાં જોડાયા પરંતુ ૧૯૧૭માં રાજીનામું આપી હોમ રૂલ ચળવળમાં જોડાયા. ૧૯૧૮માં, તેમણે ગાંધીના નેતૃત્વમાં ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. ૧૯૨૧માં તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સચિવ બન્યા. ઓક્ટોબર ૧૯૨૨માં તેમણે બીજું ગુજરાતી માસિક યુગધર્મ શરૂ કર્યું. તેમને એપ્રિલ ૧૯૨૩ થી માર્ચ ૧૯૨૪ સુધી અંગ્રેજો દ્વારા જેલમાં રાખવામાં આવ્યા હતા. ૧૯૨૪ થી ૧૯૨૮ સુધી, તેઓ બોમ્બેના ગુજરાતી દૈનિક હિન્દુસ્તાનના સંપાદક હતા. ૧૯૨૬-૨૭ દરમિયાન, તેઓ ધ બોમ્બે ક્રોનિકલના સહાયક સંપાદક પણ હતા. તેમણે ૧૯૩૦ થી ૧૯૩૫ દરમિયાન યુરોપના સંખ્યાબંધ દેશોનો પ્રવાસ કર્યો.

૧૯૩૬માં, તેમણે અખિલ ભારતીય કિસાન સભાની રચનામાં સક્રિય પહેલ કરી અને તેના પ્રથમ સત્રમાં ભાગ લીધો. ૧૯૩૯માં તેમણે ગુજરાત કિસાન પરિષદની સ્થાપના કરી. ૧૯૪૦-૪૧ દરમિયાન તેમના યુદ્ધ-વિરોધી અભિયાન માટે તેમને ફરીથી જેલમાં નાખવામાં આવ્યા હતા. ૧૯૪૨માં તેમણે અખિલ હિંદ કિસાન સભાના વાર્ષિક સત્રની અધ્યક્ષતા કરી હતી. તેમણે ૧૯૪૩માં ગુજરાતી દૈનિક નૂતન ગુજરાતની શરૂઆત કરી.

---

### બાંગ્લાદેશની તારિક રહેમાન સરકારનો મોટો નિર્ણય

# બાંગ્લાદેશે ભારત સાથે વિઝા સેવાઓ ફરી શરૂ કરી

**તારિક રહેમાને બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના ત્રણ દિવસ પછી જ આ નિર્ણય લેવામાં આવ્યો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાંકા, તા.૨૧**

ભારત-બાંગ્લાદેશ સંબંધો સુધારવા તરફના પ્રથમ પગલામાં દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશને શુક્રવારે ભારતીય નાગરિકો માટે વિઝા સેવાઓ ફરી શરૂ કરી, જે લગભગ બે મહિના પહેલા સ્થગિત કરવામાં આવી હતી. તારિક રહેમાને બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના ત્રણ દિવસ પછી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સૂચવે છે કે તેમની પાર્ટી બીએનપી નવી દિલ્હીને ખૂબ માન આપે છે અને શરૂઆતના તબક્કે સંબંધોમાં બરફ સુધારવાનો પ્રયાસ કરી રહી છે.

એક દિવસ પહેલા એક વરિષ્ઠ ભારતીય કોન્સ્યુલર અધિકારીએ કહ્યું હતું કે, નવી દિલ્હી ટૂંક સમયમાં બાંગ્લાદેશને બધી વિઝા સેવાઓ પણ પુનઃસ્થાપિત કરશે. બંને દેશો વચ્ચેના સંબંધોમાં તીવ્ર બગાડ બાદ ડિસેમ્બરમાં કોન્સ્યુલર અને વિઝા સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. ભારત વિરોધી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા બાદ તણાવ વધ્યો હતો.

હાદીના મૃત્યુથી બાંગ્લાદેશમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં ભારત વિરોધી તત્વોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ઘણા હિન્દુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા અને લિંચિંગની ઘટનાઓ બની હતી, જેનાથી રાજદ્વારી તણાવ વધુ વધ્યો હતો.

જોકે, ઢાકામાં મુહમ્મદ યુનુસ સત્તા પરથી રાજીનામું આપ્યા બાદ અને તારિક રહેમાને પદ સંભાળ્યા બાદ, ભારત સાથેના સંબંધોમાં સુધારાના સકારાત્મક સંકેતો જોવા મળ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશને શુક્રવારે સવારે કોન્સ્યુલર સેવાઓ ફરી શરૂ કરી હતી. ભારતીયો માટે તમામ વિઝા સેવાઓ હવે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. ડિસેમ્બરમાં બિઝનેસ અને વર્ક વિઝા સ્થગિત કરવામાં આવ્યા ન હતા, પરંતુ હવે મેડિકલ અને પર્યટન સહિત તમામ શ્રેણીઓ ફરી શરૂ થઈ ગઈ છે.

ગુરુવારે, સિલ્હટમાં ભારતના વરિષ્ઠ કોન્સ્યુલર અધિકારી અનિરુદ્ધ દાસે બાંગ્લાદેશી મીડિયાને જણાવ્યું હતું કે બાંગ્લાદેશી નાગરિકો માટે તમામ વિઝા સેવાઓ સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, હાલમાં મેડિકલ અને ડબલ-એન્ટ્રી વિઝા જારી કરવામાં આવી રહ્યા છે, જ્યારે ટ્રાવેલ વિઝા સહિત અન્ય શ્રેણીઓ ટૂંક સમયમાં ફરી શરૂ થશે. તેમણે ઉમેર્યું હતું કે તમામ પ્રકારના ભારતીય વિઝા ટૂંક સમયમાં સામાન્ય રીતે જારી કરવામાં આવશે.

---

### એક બસ એક કાર સાથે અથડાતાં અકસ્માત સર્જાયો

# મધ્યપ્રદેશમાં ભિંડ-ગ્વાલિયર હાઈવે પર ભયાનક અકસ્માત






**આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને સાત અન્ય ઘાયલ થયા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મધ્યપ્રદેશ, તા.૨૧**

મધ્યપ્રદેશના ભિંડ જિલ્લાના ગોહડ ચૌરાહા પોલીસ સ્ટેશન નજીક શનિવારે રાત્રે ભિંડ-ગ્વાલિયર હાઈવે પર લગ્નની શોભાયાત્રામાંથી ગ્વાલિયર પરત ફરી રહેલી એક બસ એક કાર સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને સાત અન્ય ઘાયલ થયા હતા.

માહિતી મળતાં જ ગોહડ ચૌરાહા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક રહેવાસીઓની મદદથી બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘાયલોમાંથી બેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને તેમને ગ્વાલિયર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર, ભિંડમાં લગ્નની શોભાયાત્રામાંથી ગ્વાલિયર પરત ફરી રહેલી એક ઝડપી બસ મુસાફરોથી ભરેલી ઈકો કાર સાથે અથડાઈ હતી. આ અકસ્માત ને કારણે હાઈવે પર લાંબા સમય સુધી અફડાતફડી મચી ગઈ હતી.

---

### બે સગીરોના નિવેદનો કોર્ટમાં રેકોર્ડ કરવામાં આવ્યા

# સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે યૌન શોષણના આરોપમાં FIRનો આદેશ

**કોર્ટે પોલીસને કેસ નોંધવા અને કાયદા મુજબ તપાસ કરવાનો આદેશ આપ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૨૧**

જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે જાતીય શોષણના આરોપોના કેસમાં ADJ બળાત્કાર અને POCSO સ્પેશિયલ કોર્ટ દ્વારા એક મોટો આદેશ આપવામાં આવ્યો છે. ADJ POCSO એક્ટ વિનોદ કુમાર ચૌરસિયાએ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી સામે FIR નોંધવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે પોલીસને કેસ નોંધવા અને કાયદા મુજબ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટના આદેશ બાદ હવે ઝુંસી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવશે.

નોંધનીય છે કે, ૧૩ ફેબ્રુઆરીના રોજ, આરોપો લગાવનારા બે સગીરોના નિવેદનો કોર્ટમાં રેકોર્ડ કરવામાં આવ્યા હતા, જેની સાથે વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. કોર્ટે પોલીસ રિપોર્ટની પણ નોંધ લીધી હતી. સગીરાના નિવેદનો અને પોલીસ રિપોર્ટ પર વિચાર કર્યા પછી, કોર્ટે FIR દાખલ કરવી કે નહીં તે અંગેનો નિર્ણય અનામત રાખ્યો હતો. આજે સુનાવણી બાદ, કોર્ટે અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી સામે FIR નોંધવાનો આદેશ આપ્યો હતો.

આ અરજી શાકુંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારીએ કલમ ૧૭૩(૪) હેઠળ કોર્ટમાં દાખલ કરી હતી. કોર્ટના આદેશ બાદ હવે પોલીસ તપાસ શરૂ થશે. આશુતોષ બ્રહ્મચારીએ આરોપ લગાવ્યો હતો કે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના આશ્રમમાં સગીર બાળકોનું જાતીય શોષણ થયું હતું. આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો હતો કે તેમણે આ ઘટનાની સીડી કોર્ટમાં રજૂ કરી હતી.

આજે કોર્ટના નિર્ણય બાદ, આશુતોષ બ્રહ્મચારીએ જણાવ્યું હતું કે તેમને કોર્ટ તરફથી ન્યાય મળ્યો છે. તેઓ સત્યને લોકો સમક્ષ ઉજાગર કરવા માટે પ્રયાગરાજથી વારાણસીના વિદ્યા મઠ સુધી પગપાળા સનાતન યાત્રા કાઢશે. આશુતોષ બ્રહ્મચારીએ આરોપ લગાવ્યો છે કે વિદ્યા મઠમાં સગીર બાળકોનું જાતીય શોષણ થયું હતું.

---

### દુનિયાભરમાં ફફડાટ

# સુપ્રીમ કોર્ટના આદેશના ગણતરીના કલાકોમાં ડોનાલ્ડ ટ્રમ્પનો ૧૦% ટેરિફનો નવો આદેશ

**સુપ્રીમ કોર્ટના આંચકા બાદ, ગયા વર્ષે ટેરિફ દ્વારા વસૂલવામાં આવેલા અંદાજે ૧૭૫ અબજ ડોલરના મહેસૂલ પર સવાલો ઊભા થયા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૨૧**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યાયતંત્ર સામે આરપારની જંગ છેડી દીધી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના જૂના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યાના ગણતરીના કલાકોમાં જ ટ્રમ્પે વળતો પ્રહાર કરતા તમામ દેશો પર ૧૦% વૈશ્વિક ટેરિફ લાદવાનો આદેશ કરી દીધો છે. અમેરિકન સુપ્રીમ કોર્ટે ૬-૩ ના બહુમતી ફેંસલામાં ટ્રમ્પના અગાઉના ટેરિફને રદબાતલ ઠેરવ્યા હતા.

કોર્ટે જણાવ્યું હતું કે, કોંગ્રેસની મંજૂરી વિના પ્રમુખપાસે આ પ્રકારના ટેરિફ લાદવાની સત્તા નથી. જોકે, આ નિર્ણયથી નારાજ ટ્રમ્પે ઓવલ ઓફિસથી 'ટ્રેડ એક્ટ ૧૯૭૪' ની કલમ ૧૨૨ નો ઉપયોગ કરીને નવો આદેશ જારી કર્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "મને જણાવતા ગર્વ થાય છે કે મેં તમામ દેશો પર ૧૦% ગ્લોબલ ટેરિફ પર હસ્તાક્ષર કર્યા છે, જે તત્કાળ અસરથી અમલમાં આવશે." આ નવો ટેરિફ હાલમાં ૧૫૦ દિવસ એટલે કે અંદાજે પાંચ મહિના સુધી પ્રભાવી રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રમ્પ પ્રશાસન અન્ય દેશો પર કાયમી ટેરિફ નક્કી કરવા માટે જરૂરી તપાસ કરશે. ટ્રમ્પે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે આ માત્ર શરૂઆત છે અને જરૂર પડ્યે દરોમાં મોટો વધારો પણ થઈ શકે છે. તેમણે હળવા અંદાજમાં કહ્યું કે, "હું વેપાર નષ્ટ કરી શકું છું, પ્રતિબંધ લગાવી શકું છું, તો શું હું ૧ ડોલરનો ટેરિફ ન લાદી શકું? આ મૂર્ખામીભર્યું છે." સુપ્રીમ કોર્ટના આંચકા બાદ, ગયા વર્ષે ટેરિફ દ્વારા વસૂલવામાં આવેલા અંદાજે ૧૭૫ અબજ ડોલરના મહેસૂલ પર સવાલો ઊભા થયા છે. આ રકમ આયાતકારોને પરત કરવી પડશે કે કેમ તે અંગે ટ્રમ્પે જણાવ્યું કે આ મામલો હજુ બે વર્ષ સુધી કોર્ટમાં ચાલશે. બીજી તરફ, ટ્રમ્પ પ્રશાસન હવે રાષ્ટ્રીય સુરક્ષા (કલમ ૨૩૨) અને અયોગ્ય વ્યાપાર નીતિઓ (કલમ ૩૦૧) હેઠળ પણ નવા ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યું છે.

---

### તેરહમીથી પરત ફરતા સમયે થયો અકસ્માત

# કાનપુરમાં કાર તળાવમાં ખાબકતા એક બાળક સહિત ૪નાં કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૨૧**

કાનપુમાં ફરી એકવાર તેજ રફતારે ૪ જિંદગીઓ છીનવી લીધી. તેરહમીના કાર્યક્રમમાંથી પરત ફરતો એક જ પરિવાર ભયાનક અકસ્માતનો ભોગ બન્યો.

મારુતિ ઈકો કાર બેકાબૂ થઈ રસ્તા કિનારે આવેલા તળાવમાં પડી ગઈ, જેના કારણે એક નિર્દોષ બાળક સહિત ૪ લોકોના કરુણ મોત થયા. અકસ્માત બાદ વિસ્તારમાં ચીસો અને કલ્પાત મચી ગયો. ગ્રામજનોના જણાવ્યા મુજબ કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા. બધા લોકો તેરહમીના કાર્યક્રમમાં હાજરી આપી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. જણાવાય છે કે શિવલી-રનિયા માર્ગ પર એક વળાંક છે, જ્યાં ડ્રાઈવર કાર પર કાબૂ રાખી શક્યો નહીં. વધુ ઝડપના કારણે કાર સીધી રસ્તા કિનારે આવેલા તળાવમાં પડી ગઈ.

આ દુર્ઘટનામાં એક બાળક સહિત ૪ લોકોનું સ્થળ પર જ મોત થયું, જ્યારે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા. મૃતકો બધા એક જ પરિવારના હોવાનું કહેવાય છે. પરિવારનો આનંદનો માહોલ પળવારમાં શોકમાં બદલાઈ ગયો.

ઘટનાની ખબર મળતા જ આસપાસના ગામોના લોકો તરત જ સ્થળ પર પહોંચી ગયા. સ્થિતિ જોઈ કોઈએ સમય બગાડ્યો નહીં અને ઘણા યુવકો તળાવમાં કૂદી પડ્યા. પાણીમાં ડૂબેલી કારના દરવાજા ખોલીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી. કેટલાક લોકો દોરી અને લાકડાની મદદથી બચાવમાં જોડાયા. થોડા સમયમાં પોલીસ પણ પહોંચી ગઈ અને ગ્રામજનો સાથે મળી રાહત અને બચાવ કામગીરી તેજ કરી.

બધા ઘાયલોને તરત જ શિવલીની CHC હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમનો સારવાર ચાલુ છે. પોલીસે મૃતદેહોને કબ્જામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે અને કેસની તપાસ શરૂ કરી છે. આ હૃદયદ્રાવક અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. લોકો તેજ રફતાર અને અંધા વળાંકો પર સુરક્ષા વ્યવસ્થા વધારવાની માંગ કરી રહ્યા છે.

---

## ખાટૂશ્યામ લક્ખી ફાલ્ગુન મેળાનો પ્રારંભ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજસ્થાન, તા.૨૧**

રાજસ્થાનના સીકર જિલ્લામાં સ્થિત વિશ્વવિખ્યાત ખાટૂશ્યામ મંદિર ખાતે આજથી (શનિવાર) ફાલ્ગુન મેળાનો ભવ્ય પ્રારંભ થયો છે. ૨૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ૮ દિવસીય મેળામાં દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ બાબા શ્યામના દર્શને ઉમટી રહ્યા છે. રીંગસથી ખાટૂ સુધીનો આખો માર્ગ કેસરીયા ધજાઓ અને ભક્તિ સંગીતથી ગુંજી ઉઠ્યો છે.

મેળાના આયોજન સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વર્ષે મેળામાં આશરે ૨૮ થી ૩૫ લાખ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા છે. ખાસ કરીને ૨૪ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ભારે ભીડ રહેવાની સંભાવના છે, જેમાં માત્ર આ ચાર દિવસમાં જ ૧૫ લાખ ભક્તો ઉમટી શકે છે.

ભીડને નિયંત્રિત કરવા માટે વહીવટીતંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લખદાતાર અને મોદી ગ્રાઉન્ડમાં ભક્તોની વ્યવસ્થા જાળવવા માટે ખાસ ઝિગ-ઝેગ બેરિકેડિંગની સુવિધા ઉભી કરવામાં આવી છે. મંદિર સુધી પહોંચવા માટે કુલ ૧૪ અલગ-અલગ કતારો નક્કી કરવામાં આવી છે, જેથી શ્રદ્ધાળુઓ કોઈપણ અડચણ વગર ઝડપથી અને સરળતાથી દર્શન કરી શકે. વધુમાં, ટ્રાફિક અને ભીડના વ્યવસ્થાપન માટે તમામ વાહનોને મંદિરથી ૩ કિમી દૂર રોકી દેવામાં આવ્યા છે, જેના કારણે ભક્તોએ દરબારમાં પહોંચવા માટે અંદાજે ૫ થી ૮ કિમીની પદયાત્રા કરવી પડશે.

શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટીતંત્ર દ્વારા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભક્તો માટે ૧ કરોડ પાણીના પાઉચ, કિશ્નુના ૧૦૦૦ ટોપલા અને લેમન ટોફીના વિતરણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. વાહન વ્યવસ્થાપન માટે ૫૨ વીઘા જેટલા વિશાળ વિસ્તારમાં પાર્કિંગની સગવડ ઉભી કરવામાં આવી છે, જ્યાં અંદાજે ૨૫૦૦૦ જેટલા વાહનો પાર્ક કરી શકાશે. આ ઉપરાંત, શ્રદ્ધાળુઓને તમામ જરૂરી સુવિધાઓ અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી "શ્યામ સારથી" નામની વિશેષ મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવી છે, જે દર્શનાર્થીઓ માટે ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

મેળાની સુરક્ષા માટે ૪,૪૦૦ પોલીસકર્મીઓ અને ૧,૦૦૦ હોમગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. સમગ્ર મેળા વિસ્તારને ૨૨ સેક્ટરોમાં વહેંચવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય સુવિધા માટે ૧૪ કેમ્પ, ૮૦ ડોક્ટર્સ અને ૩૦ એમ્બ્યુલન્સ રાત-દિવસ સેવામાં હાજર રહેશે.

# રાજકોટમાં મેગા ડિમોલિશનની તૈયારી, ૧૪૦૦થી વધુ ગેરકાયદે સંપત્તિ પર ફરશે બુલડોઝર




(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ ,તા.૨૧**

રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા શહેરના ઈતિહાસનું સૌથી મોટું ડિમોલિશન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટમાં અને ટી.પી. રોડ પર ખડકાયેલા ૧૪૯૨ જેટલા ગેરકાયદે બાંધકામો પર આગામી સોમવારે એટલે કે ૨૩ ફેબ્રુઆરીએ બુલડોઝર ફેરવવામાં આવશે. આ કામગીરી પૂર્વે આજે શનિવારે તંત્ર દ્વારા વિસ્તારમાં શક્તિ પ્રદર્શન અને સમજાવટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.આજે ૨૧ ફેબ્રુઆરી, શનિવારે સવારથી જ ભક્તિનગર સર્કલ પાસે આવેલી શેઠ હાઈસ્કૂલ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ છે.

**કર્મચારીઓની સંખ્યા:** મનપાના ૧૨૦૦ અને પોલીસ વિભાગના ૧૫૦૦ મળી કુલ ૨૭૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ એકત્ર થયા છે.

**ફૂટ પેટ્રોલિંગ:** જંગલેશ્વરની ૭૮ સોસાયટીઓ અને ગલીઓને ૭ રૂટમાં વહેંચી દેવામાં આવી છે. અધિકારીઓની ટુકડીઓ સાંજે ૬ વાગ્યા સુધી આ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરશે.

**આ કામગીરી પૂર્વે આજે શનિવારે તંત્ર દ્વારા વિસ્તારમાં શક્તિ પ્રદર્શન અને સમજાવટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે**

**અંતિમ સમજાવટ:** તંત્ર દ્વારા દબાણકારોને ઘર અને સામાન ખાલી કરી દેવા માટે સમજાવવામાં આવી રહ્યા છે, જેથી ડિમોલિશન સમયે કોઈ ઘર્ષણ કે જાનમાલનું નુકસાન ન થાય.

રાજકોટ મનપાએ ૧૮ ફેબ્રુઆરીએ સત્તાવાર જાહેરાત કરી હતી કે સોમવાર સવારથી જ આજી નદીના કાંઠે આવેલા દબાણો તોડી પાડવામાં આવશે. આજી નદીનો પટ્ટો અને નગર રચના યોજના (TP) નંબર ૬ હેઠળનો ૧૫ મીટરનો રોડ. કુલ ૧૪૯૨ ગેરકાયદે મિલકતો હટાવાશે. જો બે દિવસમાં દબાણકર્તાઓ સ્વેચ્છાએ મકાનો ખાલી નહીં કરે તો તંત્ર બળપ્રયોગ કરશે અને તે દરમિયાન થનારા કોઈ પણ નુકસાનની જવાબદારી તંત્રની રહેશે નહીં.

આ મેગા ઓપરેશનમાં મનપાના ત્રણેય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, દબાણ હટાવ શાખા અને વિજિલન્સ સમિતિ સીધી દેખરેખ રાખી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર કચેરી દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આજી નદીના શુદ્ધિકરણ અને રસ્તાના અમલીકરણ માટે આ કામગીરી અત્યંત જરૂરી હોવાનું તંત્ર જણાવી રહ્યું છે.

# ભાવનગર ચિત્રા GIDCમાં JK Tyres અને લક્ષ્મી ફરસાણમાં ભીષણ આગ લાગી

**ફાયરની ૧૧ ગાડીથી ૭૦ જવાનોએ સતત ૪ કલાક સુધી બે લાખ લીટર પાણીનો મારો ચલાવ્યો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભાવનગર,તા.૨૧**

ભાવનગર શહેરના ચિત્રા GIDC વિસ્તારમાં આજે વહેલી સવારે વિકરાળ આગનું તાંડવ જોવા મળ્યું હતું. એકાએક ફાટી નીકળેલી વિકરાળ આગે જોતજોતામાં ટાયરના ગોડાઉન અને ફરસાણની ફેક્ટરીને પોતાની ઝપેટમાં લઈ લેતા સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ભીષણ આગની સ્થિતિને જોતા ફાયર વિભાગે મેજર કોલ જાહેર કર્યો હતો, ત્યારે ૧૧થી વધુ ફાયરની ગાડીઓ સાથે ૭૦ જવાનોએ સતત ૪ કલાક સુધી ૨ લાખ લીટર પાણીનો મારો ચલાવી આગ પર ભારે જહેમતે કાબૂ મેળવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર ચિત્રા GIDCમાં આવેલ જે.કે. ટાયર્સના સ્ટોરેજ અને તેની બાજુમાં જ આવેલ લક્ષ્મી ફરસાણના યુનિટમાં આજે ૨૧મી ફેબ્રુઆરીએ સવારના સમયે અચાનક આગ લાગી હતી. ટાયરના જથ્થાને કારણે આગે અત્યંત રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આકાશમાં ધુમાડાના કાળા ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. રહેણાંક વિસ્તારની નજીક જ આગ લાગી હોવાથી લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.બાદમાં ઘટનાની જાણ થતા જ ભાવનગર ફાયર બ્રિગેડની ટીમ હરકતમાં આવી હતી. શરૂઆતમાં પશ્ચિમ ઝોનલની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગની ગંભીરતા જોતા તેને તાત્કાલિક 'મેજર ફાયર' જાહેર કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિ બેકાબૂ બનતી જોઈ હેડક્વાર્ટર પાસે વધારાની મદદ માંગવામાં આવી હતી અને ચારેબાજુથી પાણીનો મારો ચલાવી આગને અન્ય એકમોમાં ફેલાતી અટકાવવામાં આવી હતી.આ આગ એટલી ભીષણ હતી કે તેને કાબૂમાં લેવા માટે ફાયરની ૧૧ ગાડીઓ અને ૭૦ જેટલા તાલીમબદ્ધ જવાનો કામે લાગ્યા હતા. સતત ૪ કલાક સુધી અંદાજે સવા બે લાખ લીટર પાણીનો મારો ચલાવ્યા બાદ આખરે આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી.હાલની માહિતી મુજબ, આ ભીષણ આગમાં બંને એકમોમાં રહેલો લાખો રૂપિયાનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો છે. જોકે, રાહતની વાત એ છે કે જે સમયે આગ લાગી ત્યારે કોઈ શ્રમિક હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે. સાથે ફાયર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ ઈજા કે મૃત્યુના સમાચાર નથી.હાલ આ વહેલી સવારે લાગેલી આ આગ પાછળનું સચોટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાની શંકા સેવાઈ રહી છે, જોકે એફએસએલ અને ફાયર વિભાગની તપાસ બાદ જ સ્પષ્ટ થશે કે આટલી વિકરાળ આગ પાછળ કયું પરિબળ જવાબદાર હતું. ત્યારે હાલમાં સમગ્ર પ્લાન્ટમાં કુલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

**ધોરાજીમાં પાડોશી ધર્મને લજવતો કિસ્સો**

# પાડોશી યુવાને સગીરાને ૨ વર્ષ સુધી હવસનો શિકાર બનાવી

**આરોપીએ પોતાની પડોશમાં રહેતી ૧૨ વર્ષથી નાની વયની સગીર દીકરીને લલચાવી ફોસલાવીને ડરાવી-ધમકાવી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ,તા.૨૧**

ધોરાજીમાં પાડોશી ધર્મને લજવતો કિસ્સો, ૧૨ વર્ષથી નાની સગીરા પર આચર્યું દુષ્કર્મ, રાજકોટ જિલ્લાના ધોરાજીમાંથી એક હચમચાવી નાખે તેવી ક્રાઈમની ઘટના સામે આવી છે. પાડોશમાં રહેતા શખ્સે જ એક ૧૨ વર્ષથી નાની ઉંમરની માસૂમ બાળકીને પીંખી નાખી. આ શખ્સે બાળકીને ડરાવી ધમકાવીને છેલ્લા બે વર્ષથી પોતાની હવસનો શિકાર બનાવી હતી. જોકે, ધોરાજી પોલીસે ગણતરીના કલાકોમાં જ આ નરાધમને દબોચી લીધો હતો.

ધોરાજીના શહેજાદાપીરની દરગાહ પાસે રહેતા હનીફ નીયાજુભાઈ ફકીર નામના શખ્સે પાડોશી ધર્મને લાંછન લગાડ્યું છે. આરોપીએ પોતાની પડોશમાં રહેતી ૧૨ વર્ષથી નાની વયની સગીર દીકરીને લલચાવી ફોસલાવીને ડરાવી-ધમકાવી હતી. "જો તું કોઈને વાત કરીશ તો તને મારી નાખીશ" તેવી ધમકી આપીને આરોપીએ બાળકી સાથે મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. છેલ્લા બે વર્ષથી ચાલતા આ કૃત્યની જાણ પરિવારને થતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારે હિંમત દાખવીને ધોરાજી સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસ એક્શનમાં આવી હતી. રાજકોટ ગ્રામ્ય એસ.પી. વિજયસિંહ ગુર્જર અને ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ, પી.આઈ. કે.એસ. ગરચર અને પી.એસ.આઈ. આર.બી. બલદાણીયાની ટીમે ટેક્નીકલ અને હ્યુમન સોર્સની મદદથી ગણતરીના કલાકોમાં જ આરોપી હનીફ ફકીરને શોધી કાઢ્યો હતો.

આરોપી હનીફ ફકીરની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની સામે બીએનએસ ની કલમ ૬૪(૨)આઇ, ૬૪(૨)એમ, ૬૫(૨), ૩૫૧(૩) અને પોક્સો એક્ટ ની કલમ ૬ હેઠળ અત્યંત ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ અત્યારે આરોપીનો કોઈ જૂનો ગુનાહિત ઈતિહાસ છે કે કેમ તેની પણ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે

# દાહોદમાં દીવાલ કૌભાંડમાં મહિલા સરપંચ સસ્પેન્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દાહોદ,તા.૨૧**

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરોડિયા પૂર્વ ગ્રામ પંચાયતમાં સરકારી ગ્રાન્ટના દુરુપયોગ અને ભ્રષ્ટાચારનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. શાળાની કમ્પાઉન્ડ વોલ બનાવવાના નામે થયેલી આર્થિક ગેરરીતિ મામલે જિલ્લા વિકાસ અધિકારી એ કડક વલણ અપનાવી મહિલા સરપંચને હોદ્દા પરથી સસ્પેન્ડ કરી દીધા છે.

ફતેપુરાના કરોડિયા પૂર્વ ગ્રામ પંચાયતમાં વિકાસના કામો માટે આવેલી સરકારી ગ્રાન્ટમાં મોટાપાયે ગેરવહીવટ થયો હોવાની ફરિયાદો ઉઠી હતી. ખાસ કરીને ગામની શાળામાં કમ્પાઉન્ડ વોલ (કિનારી દીવાલ) બનાવવાના કામમાં લાખો રૂપિયાની ગેરરીતિ થઈ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે શાળાની દીવાલના નિર્માણ કાર્યમાં નિયમોનું ઉલ્લંઘન કરીને ગંભીર આર્થિક ગોબાચારી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. તપાસ દરમિયાન એવું ફલિત થયું હતું કે આ કામમાં કુલ રૂ. ૧.૬૬ લાખની માતબર રકમની ગેરરીતિ કરવામાં આવી છે, જે સીધી રીતે ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે છે.

આ ભ્રષ્ટાચાર મામલે દાહોદ DDO (જિલ્લા વિકાસ અધિકારી) એ તપાસના અંતે મહિલા સરપંચ રાધિકા નીનામા ને જવાબદાર ગણ્યા હતા. પંચાયતની ગ્રાન્ટમાં થયેલા ગેરવહીવટ અને સત્તાના દુરુપયોગ બદલ રાધિકા નીનામાને સરપંચ પદેથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ જારી કરવામાં આવ્યો છે.

**પોલીસને મળી મોટી સફળતા**

# અંકલેશ્વરમાં ૫ બાઈક સાથે ગેરેજ સંચાલક સહિત ત્રણ રીઢા ચોર ઝડપાયા



**આ તપાસમાં ચોરીના વાહનો ખરીદનારા એક ગેરેજ સંચાલકનો પણ પર્દાફાશ થયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અંકલેશ્વર,તા.૨૧**

ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં છેલ્લા કેટલાક સમયથી વધી રહેલી વાહન ચોરીની ઘટનાઓને ડામવા માટે GIDC પોલીસ સક્રિય બની છે. પોલીસે અલગ-અલગ વિસ્તારોમાંથી ચોરાયેલી ૫ મોટરસાયકલ સાથે કુલ ત્રણ ઈસમોને દબોચી લીધા છે. આ તપાસમાં ચોરીના વાહનો ખરીદનારા એક ગેરેજ સંચાલકનો પણ પર્દાફાશ થયો છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, અંકલેશ્વરના મોતાલી ગામની શ્રીકુંજ સોસાયટીમાં રહેતા રાજુકુમાર પ્રજાપતિએ પોતાના મિત્રની બાઈક ભડકોદ્રાના એપલ પ્લાઝા પાસે પાર્ક કરી હતી, જ્યાંથી અજાણ્યા તસ્કરો રૂપિયા ૨૦ હજારની કિંમતની બાઈક ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આવી જ રીતે સ્વામિનારાયણ મંદિર પાસે થી પણ રૂપિયા ૩૦ હજારની કિંમતની બાઈકની ચોરી થઈ હતી. સતત વધતી ચોરીઓને પગલે GIDC પોલીસે ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસે ભડકોદ્રાના અયોધ્યા નગરમાં રહેતા મયુર વિજય બોરસે અને આયુષકુમાર વિનોદસિંગ નામના બે શખ્સોને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધા હતા. પોલીસે કડક પૂછપરછ કરતા બંનેએ કબૂલાત કરી હતી કે, તેઓએ અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૫ બાઈકની ચોરી કરી છે.

આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, તેઓ ચોરી કરેલી બાઈકો કોસમડી સ્થિત 'આયાના ઓટો ગેરેજ'ના સંચાલક મોહમ્મદ અનસ સમસૂલ હસન સિદ્દીકીને વેચી દેતા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ગેરેજ સંચાલકની પણ ધરપકડ કરી છે અને તમામ ૫ વાહનો જપ્ત કર્યા છે. હાલ પોલીસ આ ટોળકી અન્ય કોઈ ગુનામાં સામેલ છે કે કેમ તે દિશામાં વધુ તપાસ કરી રહી છે.

# સુરેન્દ્રનગરમાં હનીટ્રેપ ગેંગ ઝડપાઈ, જમીન દલાલને પ્રેમજાળમાં ફસાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરેન્દ્રનગર,તા.૨૧**

સુરેન્દ્રનગરમાં હનીટ્રેપ ગેંગ ઝડપાઈ છે. જમીન દલાલને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ તેનો આપત્તિજનક વીડિયો ઉતારી ૧ કરોડ રૂપિયા પડાવી લીધા હોવાની ઘટના મામલે પોલીસે એક મહિલા સહિત ૪ આરોપીની ધરપકડ કરી છે. સમગ્ર કેસ મામલે પોલીસે રૂ.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ ફરિયાદ અનુસાર, સાણંદના જમીન દલાલને સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન બતાવવાનું કહી યુવતીની મોહજાળમાં ફસાવ્યો હતો. જેમાં આરોપીએ આપત્તિજનક વીડિયો ઉતારી લઈ જમીન દલાલનું અપહરણ કર્યું હતું. આ પછી આરોપીઓએ જમીન દલાલ પાસેથી રૂપિયા ૧ કરોડ પડાવી લેવાની ઘટના બનતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી.

આ હનીટ્રેપના બનાવ મામલે ભોગ બનનાર જમીન દલાલે સુરેન્દ્રનગર સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી ગણતરીના દિવસોમાં જ હનીટ્રેપ ગેંગમાં સામેલ ૧ યુવતી અને ૩ શખસ સહિત કુલ ૪ આરોપીને ઝડપી લીધા છે. પોલીસે રોકડ, મોબાઈલ, કાર પિસ્તોલ-જીવતા કારતૂસ સહિત કુલ ૭૨.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે ફરાર બે આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

ઝડપાયેલા ૪ આરોપી તોસીફખાન ઉર્ફે લાલો અકબરખાન મલેક (રહે. અખીયાણા, તા.પાટડી), સાહિલખાન સરદારખાન ઉર્ફે બાદરખાન મલેક (રહે. માલવણ, તા.પાટડી), આશિફખાન મોહબતેખાન મલેક (રહે. અખીયાણા, તા.પાટડી), એક મહિલા, બે આરોપી ફરાર, અરબાઝખાન હયાતખાન મલેક (રહે. અખીયાણા, તા.પાટડી), અમન (રહે. ઈંગરોડ, તા.લખતર)

**વિશ્વ માતૃભાષા દિવસ**

# સુરતઃ એક જ પાલિકા પણ છ ભાષામાં વિના મુલ્યે પ્રાથમિક શિક્ષણ

**માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ વિના મુલ્યે અનેક સુવિધાઓ સાથે અંદાજે બે લાખ જેટલા વિદ્યાર્થીઓને પુરુ પાડે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૧**

આજે ૨૧ ફેબ્રુઆરીનો દિવસ સુરત સહિત ભારત અને સમગ્ર વિશ્વમાં માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. દરેક પ્રાંત પોતાની માતૃભાષા માટે આ દિવસે ગર્વ લે છે પરંતુ સુરતે માત્ર આ દિવસે માતૃભાષા ગુજરાતી જ નહી પરંતુ બહુભાષી તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી છે. તેનું કારણ એ છે કે, સુરત પાલિકા દ્વારા શાળા ચલાવવામા આવે છે તેમાં માત્ર ગુજરાતી નહીં પરંતુ અન્ય પાંચ ભાષા મળી કુલ છ ભાષામાં માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ વિના મુલ્યે અનેક સુવિધાઓ સાથે અંદાજે બે લાખ જેટલા વિદ્યાર્થીઓને પુરુ પાડે છે.

વિશ્વમાં સૌથી ઝડપી વિકાસ પામતા શહેરોમાં સુરતનું પણ સ્થાન છે અને સુરતમાં ધંધા રોજગારીની વિપુલ તક છે તેથી અનેક પ્રાંતમાંથી લોકો આવીને સુરતને કર્મભૂમિ બનાવી છે. સુરતમાં ધંધા રોજગાર માટે આવતા લોકોના બાળકોને તેમની ભાષામાં જ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ગુજરાતી સાથે સાથે હિન્દી, મરાઠી, ઉર્દુ, ઉડિયા ઉપરાંત વિદેશી ભાષા અને આજના યુગમાં વિદ્યાર્થીઓ માટે અનિવાર્ય તેવી અંગ્રેજી ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપી રહી છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ૩૬૨ શાળા છે જેમાં ૧૯૯૧૮૬ વિદ્યાર્થીઓ જુદી જુદી છ માતૃભાષામાં શિક્ષણ મેળવે છે. આ પહેલા સુરત પાલિકા તેલુગુ અને સીંધી ભાષામાં પણ શિક્ષણ આપતી હતી પરંતુ ક્રમશઃ વિદ્યાર્થીઓ ઘટવા સાથે શિક્ષકો પણ મળતા ન હોવાથી આ બે માધ્યમ બંધ કરવામાં આવ્યા છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ છ માતૃભાષામાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે શિક્ષણ તો આપે જ છે તેની સાથે સાથે પાઠ્ય પુસ્તક, યુનિફોર્મ, બુટ મોજા, સ્પોર્ટ્સ યુનિફોર્મ, સ્પોર્ટ્સ બુટ સહિતની વિવિધ સુવિધા પણ વિના મુલ્યે આપે છે. વિશ્વ માતૃભાષા દિવસના અવસરે સુરત પાલિકાની આ વ્યવસ્થા ભાષા વૈવિધ્ય, સાંસ્કૃતિક સમરસતા અને સર્વ સમાવેશી શિક્ષણ નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૩૬૨ શાળા છે જેમાં ગુજરાતી માધ્યમની ૨૩૦ શાળા છે જેમાં ૧.૨૨ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. સુરત ગુજરાતનું આર્થિક પાટનગર છે જેમાં ગુજરાતને અડીને આવેલા મહારાષ્ટ્રીયન ની સંખ્યા પણ નોંધપાત્ર છે જેના કારણે મરાઠી માધ્યમની ૫૭ શાળા છે અને જેમાં ૨૪૬૯૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ઉપરાંત ઉત્તર ભારતના પણ અનેક રાજ્યોમાંથી શ્રમજીવીઓ અહી વસવાટ કરે છે તેથી તેઓની સંખ્યા પણ વધુ છે જેના કારણે હિન્દી માધ્યમની ૨૮ શાળા છે જેમાં ૧૯૮૩૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે.

શહેરમાં લઘુમતી સમાજની વસ્તી છે અને ઘણાં લઘુમતિ સમાજ પોતાના બાળકોને ઉર્દૂ માધ્યમમાં શિક્ષણ મળે તેવો આગ્રહ રાખતા હોય છે તેને ધ્યાને રાખીને ઉર્દુ માધ્યમની પણ ૨૮ શાળા છે જેમાં ૨૧૭૮૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સુરતમાં ઉડીયા ભાષી લોકોની સંખ્યા પણ છે તેથી પાલિકાએ ઉડીયા ભાષા વધુ વસવાટ કરતા હો તે વિસ્તારમાં ઉડીયા માધ્યમની ૮ શાળાઓ બનાવી છે જેમાં ૪૮૬૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આમ સુરતમાં ગુજરાતી ભાષા સાથે અન્ય રાજ્યોની માતૃભાષાને જીવંત રાખવા સુરત પાલિકાએ પ્રયાસ કર્યો છે જેથી આવા પ્રકારની કામગીરી કરતી સુરત દેશની પહેલી મહાનગરપાલિકા છે.

સુરત પાલિકા એઆઈ બેઝ શિક્ષણ પણ વિદ્યાર્થીઓને આપી રહી છે તેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કોઈ સમસ્યા ન આવે તે માટે સમયની સાથે કદમ મિલાવી છેલ્લા કેટલાક વર્ષથી અંગ્રેજી માધ્યમમાં પણ પ્રાથમિક શાળા શરુ કરી છે અંગ્રેજી માધ્યમની ૧૧ શાળા છે જેમાં ૫૯૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. આમ સુરત પાલિકાએ પોતાની માતૃભાષા ગુજરાતી ઉપરાંત અન્ય રાજ્યોની માતૃભાષામાં બાળકોને શિક્ષણ મળે તેની જવાબદારી પણ ઉપાડી છે તેની સાથે સુરતની આ બહુભાષી ઓળખ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ બની રહી છે.

રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®
www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
+91 99390 80808

# ભારતીય શેરબજારમાં સાવધાનીપૂર્વક ખરીદીનો માહોલ...!!!

**રોકાણકાર મિત્રો, આનંદ ને...!!**

ગત સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારમાં શરૂઆત સકારાત્મક રહી હતી, પરંતુ મધ્ય સપ્તાહ બાદ વોલેટિલિટી વધી ગઈ હતી. સપ્તાહની શરૂઆત વૈશ્વિક બજારોમાંથી મળેલા સારા સંકેતો, એશિયન બજારોમાં તેજી અને સ્થાનિક સ્તરે મજબૂત લિક્વિડિટીના કારણે ગ્રીન ઝોનમાં થઈ હતી. બેન્કિંગ અને ફાઈનાન્સિયલ શેરોમાં મજબૂત ખરીદીના કારણે મુખ્ય સૂચકાંકોમાં આરંભિક દિવસોમાં સારો ઉછાળો નોંધાયો હતો.

જોકે, સપ્તાહ આગળ વધતા અમેરિકન બોન્ડ યીલ્ડમાં થયેલા ઉછાળા અને ડોલર ઈન્ડેક્સ મજબૂત બનતા વૈશ્વિક બજારોમાં દબાણ વધ્યું, તેના પરિણામે ભારતીય બજારમાં પણ પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું. ખાસ કરીને આઈટી અને મેટલ સેક્ટરમાં નબળાઈ નોંધાઈ, કારણ કે રોકાણકારોએ વૈશ્વિક માંગ અને વ્યાજદરની અનિશ્ચિતતા ધ્યાનમાં રાખી સાવચેતી અપનાવી.

સપ્તાહના અંતિમ સત્રોમાં બજાર રેન્જબાઉન્ડ રહ્યો, જે દર્શાવે છે કે હાલ બજાર દિશા નક્કી કરતા પહેલા વૈશ્વિક સંકેતોની રાહ જોઈ રહ્યું છે. કુલ મળીને, માળખાકીય દ્રષ્ટિએ બજાર મજબૂત દેખાય છે, પરંતુ ટૂંકા ગાળામાં વોલેટિલિટી અને સેક્ટર રોટેશન ચાલુ રહેવાની શક્યતા છે.

### કોમોડિટી માર્કેટ

આ સપ્તાહે કિંમતી ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હતું.

સોનું : વૈશ્વિક અનિશ્ચિતતા અને ડોલરમાં મજબૂતી વચ્ચે સોનામાં શરૂઆતમાં નબળાઈ જોવા મળી, પરંતુ અંતિમ સત્રોમાં સુરક્ષિત રોકાણ તરીકે માંગ વધતા ભાવમાં ફરી સુધારો નોંધાયો.

ચાંદી : ચાંદીમાં ઔદ્યોગિક માંગના સંકેતોને કારણે વોલેટાઈલ ટ્રેડિંગ રહ્યું, મધ્ય સપ્તાહે ઘટાડો, પરંતુ અંતે તેજી સાથે બંધ.

ક્રૂડ ઓઈલ : ક્રૂડના ભાવ સ્થિરતા તરફ રહ્યા, જેનાથી ઓઈલ માર્કેટિંગ અને પેઈન્ટ સેક્ટરમાં સકારાત્મક અસર જોવા મળી.

મેટલ સેક્ટર : ચીનમાંથી મળેલા માંગના મિશ્ર આંકડાને કારણે મેટલ શેરોમાં રેન્જબાઉન્ડ ચાલ જોવા મળી.

### સ્થાનિક પરિબળો : DII નો સતત આધાર :

ભારતીય બજારની મજબૂતીમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ફરી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

SIP પ્રવાહ : મ્યુચ્યુઅલ ફંડ જંઈડ મારફતે સતત નાણાંનો પ્રવાહ ચાલુ રહ્યો, જે બજાર માટે સપોર્ટ સિસ્ટમ સમાન રહ્યો.

રિટેલ ભાગીદારી : નાના રોકાણકારો ઘટાડા સમયે ખરીદી તરફ વળ્યા, જેનાથી મુખ્ય ઈન્ડેક્સોમાં મોટા પડકારો વચ્ચે પણ તીવ્ર ઘટાડો અટક્યો.

બેન્કિંગ અને PSU : જાહેર ક્ષેત્રના બેંકો અને કેપિટલ ગુડ્સ શેરોમાં મજબૂત ખરીદી જોવા મળી.

### વૈશ્વિક પરિબળો અને FII નું વલણ :

અમેરિકન આર્થિક આંકડાઓ મજબૂત આવતાં વ્યાજદર ઘટાડાની આશા ફરીથી ઓછી થઈ. યુએસ-ચીન વેપાર સંબંધો અંગેની અસ્પષ્ટતા અને મધ્યપૂર્વમાં ભૂરાજકીય તણાવથી રોકાણકારોમાં સાવચેતીનો માહોલ રહ્યો.

FII પ્રવાહ : સપ્તાહ દરમિયાન FII એ પસંદગીયુક્ત ખરીદી અને વેચવાલી બંને કરી, પરંતુ મોટેભાગે સાવચેતીભર્યું વલણ જાળવ્યું.

### તેજી દર્શાવનારા સેક્ટર્સ :

બેન્કિંગ અને ફાઈનાન્સ : ખાનગી તથા ડ્જ્બ બેન્કોમાં મજબૂત ખરીદી અને સકારાત્મક સેન્ટિમેન્ટ.

કેપિટલ ગુડ્સ : ઓર્ડર બુક મજબૂત રહેતા શેરોમાં તેજી.

ઓટો : સેલ્સ વૃદ્ધિ અને માંગ વધવાથી સેક્ટરમાં ઉછાળો.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રક્શન : સરકારી પ્રોજેક્ટ્સ અને ખર્ચ વધતા રોકાણકારોની રસદારી.

રિયલ એસ્ટેટ : વેચાણમાં સુધારો અને નાણાંકીય સપોર્ટથી તેજી.

ડિફેન્સ અને એરોસ્પેસ : સ્થાનિક ઓર્ડર અને નિકાસ સંભાવનાઓથી ખરીદી.

પાવર અને યુટિલિટીઝ : વીજ માંગ અને ક્ષમતા વિસ્તરણની અપેક્ષાથી મજબૂતી.

### નબળાઈ દર્શાવનારા સેક્ટર્સ :

આઈટી : વૈશ્વિક ઓર્ડર ફ્લો અંગે ચિંતાઓ

મેટલ : ચીનની માંગ અંગે અનિશ્ચિતતા

મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ : જાહેરાત આવકમાં અનિશ્ચિતતા અને ડિજિટલ સ્પર્ધાના કારણે દબાણ.

ટેક સ્ટાર્ટઅપ થીમ આધારિત શેરો : ઊંચા વેલ્યુએશન અને નફાકારકતા અંગેની ચિંતાઓ.

સ્મોલકેપ આઈટી અને એક્સપોર્ટ આધારિત કંપનીઓ : રૂપિયાની અસ્થિરતા અને વૈશ્વિક મંદીનો ભય.

### બજારની ભાવિ દિશા

આ સપ્તાહે બજારે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે વોલેટિલિટી હજી પણ ઊંચી રહેવાની શક્યતા છે. વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો, કાચા તેલના ભાવમાં ફેરફાર, ડોલર ઈન્ડેક્સની હલચલ અને વિદેશી સંસ્થાગત રોકાણકારોની ખરીદી-વેચાણની પ્રવૃત્તિ બજારને ટૂંકા ગાળામાં અસર કરી શકે છે. લાંબા ગાળે ભારતીય અર્થતંત્રના મજબૂત ફંડામેન્ટલ્સ, સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ, ખાનગી રોકાણમાં વધારો અને મજબૂત કોર્પોરેટ અર્નિંગ્સને કારણે ટ્રેન્ડ સકારાત્મક દેખાઈ રહ્યો છે. છતાં, ટૂંકા ગાળામાં બજાર રેન્જબાઉન્ડ રહી શકે છે અને અલગ-અલગ સેક્ટરમાં રોટેશન જોવા મળી શકે છે.

બાય ઓન ડીપ્સ : ગુણવત્તાયુક્ત અને મજબૂત ફંડામેન્ટલ ધરાવતા સ્ટોક્સમાં ઘટાડા દરમિયાન તબક્કાવાર ખરીદી કરવી યોગ્ય વ્યૂહરચના બની શકે. બજારમાં આવતી ટૂંકાગાળાની અસ્થિરતા લાંબા ગાળાના રોકાણકારો માટે સારો એન્ટ્રી મોકો આપી શકે છે. ખાસ કરીને સારા કેશ ફ્લો, ઓછી દેવું અને સ્થિર નફાકારકતા ધરાવતા સ્ટોક્સ પર ફોકસ રાખવો.

સેક્ટર રોટેશન : ડોમેસ્ટિક ગ્રોથ આધારિત સેક્ટરો જેમ કે બેન્કિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેપિટલ ગુડ્સમાં મૂડી પ્રવાહ વધતો જોવા મળી શકે છે. સરકારના ખર્ચ, કેપેક્સ ચક્ર અને ક્રેડિટ ગ્રોથના આધાર પર આ સેક્ટરો મધ્યમ ગાળામાં આઉટપરફોર્મ કરી શકે છે.

આઈટીમાં સાવચેતી : વૈશ્વિક અર્થતંત્ર અને યુએસ માર્કેટના સંકેતો સ્પષ્ટ થાય ત્યાં સુધી આઈટી સેક્ટરમાં ટૂંકા ગાળાની અસ્થિરતા રહી શકે છે. ડીલ ફ્લો અને ઓર્ડર બુક પર નજર રાખવી જરૂરી. જોખમ સંભાળી ને પસંદગી આધારિત રોકાણ કરવું યોગ્ય રહેશે.

### નિષ્કર્ષ

સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારે કુલ મળીને સકારાત્મક માળખું જાળવી રાખ્યું, જે બજારની આંતરિક મજબૂતી અને સ્થાનિક અર્થતંત્ર પર વિશ્વાસ દર્શાવે છે. તેમ છતાં વૈશ્વિક બજારોના ઉતાર-ચઢાવ, યુએસ બોન્ડ યીલ્ડમાં ફેરફાર, કાચા તેલના ભાવ અને FII ની અનિશ્ચિત ખરીદી-વેચાણને કારણે વોલેટિલિટી વધી હતી.

આ પરિસ્થિતિમાં સ્થાનિક DII અને સતત SIP પ્રવાહોએ બજારને મજબૂત આધાર આપ્યો છે. રિટેલ રોકાણકારોની ભાગીદારી અને લાંબા ગાળાના રોકાણનો વલણ બજારમાં સ્થિરતા લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે.

એક સમજદાર રોકાણકાર તરીકે સ્ટોક-સ્પેસિફિક અભિગમ અપનાવવો વધુ યોગ્ય રહેશે. ઈન્ડેક્સની દિશા પર નિર્ભર રહેવાને બદલે મજબૂત ફંડામેન્ટલ્સ, સેક્ટર લીડરશિપ અને અર્નિંગ્સ વિઝિબિલિટી ધરાવતા સ્ટોક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સાથે જ જોખમ વ્યવસ્થાપન, યોગ્ય સ્ટોપલોસ અને તબક્કાવાર નફો બુકિંગ જેવી રણનીતિ અપનાવવાથી વોલેટાઈલ બજારમાં મૂડી સુરક્ષિત રાખી શકાય છે.

### નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 27.01.2026 TO 30.01.2026 | 25202.60 | 25260.00 | 25564.80 | 25100.00 | 25416.40 | 213.80 |
| 01.02.2026 TO 05.02.2026 | 25416.40 | 25425.00 | 26320.00 | 24635.90 | 25729.00 | 312.60 |
| 09.02.2026 TO 13.02.2026 | 25735.10 | 25921.00 | 26068.00 | 25476.50 | 25518.80 | -216.30 |
| 16.02.2026 TO 20.02.2026 | 25518.80 | 25455.00 | 25877.00 | 25389.70 | 25584.70 | 65.90 |

નિફ્ટી ફ્યુચર તા. ૧૬-૨-૨૦૨૬ ના રોજ ૨૫૪૫૫ પોઈન્ટ ખુલીને ૨૫૩૮૯ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૮૭૭ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૪૮૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૬૫ પોઈન્ટના ઉછાળે ૨૫૫૮૪ પોઈન્ટ બંધ થયેલ.

### બેન્ક નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 27.01.2026 TO 30.01.2026 | 58829.40 | 58945.40 | 60260.60 | 58540.80 | 59908.60 | 1079.20 |
| 01.02.2026 TO 05.02.2026 | 59908.60 | 59950.00 | 61299.80 | 58046.00 | 60254.80 | 346.20 |
| 09.02.2026 TO 13.02.2026 | 60252.40 | 60458.00 | 60920.00 | 60217.00 | 60320.60 | 68.20 |
| 16.02.2026 TO 20.02.2026 | 60320.60 | 60225.00 | 61590.00 | 60121.40 | 61161.20 | 840.60 |

બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૧૬-૨-૨૦૨૬ ના રોજ ૬૦૨૨૫ પોઈન્ટ ખુલીને ૬૦૧૨૧ પોઈન્ટના નીચા મથાળેથી ૬૧૫૯૦ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૪૬૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૮૪૦ પોઈન્ટના ઉછાળે ૬૧૧૬૧ પોઈન્ટ બંધ થયેલ.

**નિફ્ટી ફ્યુચર : ૨૫૫૮૪ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૫૫૦૫ પોઈન્ટ થી ૨૫૪૩૪ પોઈન્ટ, ૨૫૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર : ૬૧૧૬૧ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૬૧૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૬૧૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૬૧૦૦૬ પોઈન્ટ થી ૬૦૮૦૮ પોઈન્ટ, ૬૦૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૬૧૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

## ફ્યુચર રોકાણ

(૧) **અદાણી પોર્ટ્સ (૧૫૧૩) :** પોર્ટ એન્ડ સર્વિસ સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૯૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૮૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૩૭ થી રૂ.૧૫૪૪ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૫૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

(૨) **હેવેલ્સ ઈન્ડિયા (૧૪૧૧) :** A /T+1 ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૩૯૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૩૮૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૪૩૪ થી રૂ.૧૪૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩) **JSW સ્ટીલ (૧૨૩૪) :** રૂ.૧૨૦૮ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯૭ બીજા સપોર્ટથી આર્યન એન્ડ સ્ટીલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૫૩ થી રૂ.૧૨૬૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

(૪) **ઓબેરોય રિયલ્ટી (૧૫૧૬) :** ટેકનીકલ ચાર્ટ મુજબ રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૪૭ આસપાસ સપોર્ટથી રૂ.૧૪૯૭ થી રૂ.૧૪૮૪ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૬૦ નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

(૫) **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૪૨૦) :** રૂ.૧૪૪૪ આસપાસ ઓવરબોટ પોઝિશનની શક્યતાએ આ સ્ટોક રૂ.૧૪૫૦ ના સપોર્ટ તબક્કાવાર રૂ.૧૪૦૪ થી રૂ.૧૩૯૩ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

(૬) **ઈન્ફોસીસ લિમિટેડ (૧૩૪૮) :** કમ્પ્યુટર્સ સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટર સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૯૩ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૩૪ થી રૂ.૧૩૨૦ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

(૧) **ભારત પેટ્રોલિયમ કોર્પો. (૩૬૪):** A/T+1 ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ. ૩૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૩૦ ના સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૭૩ થી રૂ.૩૮૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૮૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

(૨) **એનટીપીસી લિ. (૩૬૩) :** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૫૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૪૭ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૩૭૦ થી રૂ.૩૭૮ નો ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩) **પાવર ગ્રીડ કોર્પો.ઓફ ઈન્ડિયા (૨૯૬):** રૂ.૨૮૩ નો પ્રથમ તેમજ રૂ.૨૭૭ ના બીજા સપોર્ટથી ટૂંકાગાળે ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૧૩ થી રૂ.૩૨૦ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

(૪) **હાઉ. એન્ડ અર્બન ડે.કોર્પો. (૧૯૪):** ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુશન સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૦૨ થી રૂ.૨૧૩ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૮૦ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો....!!

(૫) **ગુજરાત પીપાવાવ પોર્ટ (૧૭૩) :** રૂ.૧૬૪ નો પ્રથમ તેમજ રૂ.૧૫૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી પોં એન્ડ પોર્ટ સર્વિસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૭૮ થી રૂ.૧૮૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

(૬) **મેંગ્લોર રિફા. એન્ડ પેટ્રો. (૧૯૩) :** સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૮૦ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૦૨ થી રૂ.૨૧૨ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

(૭) **સ્ટીલ ઓથો. ઓફ ઈ. (૧૫૬) :** આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૪૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી ટૂંકા ગાળે અંદાજીત રૂ.૧૬૭ થી રૂ.૧૭૫ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

(૮) **રાષ્ટ્રિય કેમિ.એન્ડ ફર્ટિ.(૧૩૦) :** ટેકનીકલ ચાર્ટ મુજબ ફર્ટિલાઈઝર્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૩ આસપાસ સપોર્ટથી રોકાણકારે રૂ.૧૩૮ થી રૂ.૧૪૫ ના ભાવ સપાટીની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટૂંકાગાળે રૂ.૧૧૮ સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

## સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો

(૧) **IDBI બેન્ક (૧૧૨) :** પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઇઝ રૂ.૧૧૮ થી રૂ.૧૨૩ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે...!!! રૂ.૧૩૦ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

(૨) **SJVN લિ. (૭૪):** ડિલેવરી બેઈઝ રોકાણકારે પાવર જનરેશન સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૬૭ ના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે રૂ.૭૮ થી રૂ.૮૩ સુધીની ભાવ સપાટી નોંધાવશે...!!!

(૩) **IFCI લિમિટેડ (૬૦) :** ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩ નો પ્રથમ તેમજ રૂ.૪૯ ના સ્ટ્રોંગ સપોર્ટથી ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન સેક્ટરનો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૬૪ થી રૂ.૬૮ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા...!!

(૪) **NMDC સ્ટીલ (૩૮) :** રૂ.૩૨ના સ્ટ્રોંગ સપોટ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૨ થી રૂ.૪૭ નો ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે....!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks. Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in
ખાસ નોંધ : ડિસ્ક્લેમર/પોલીસી/શરતો-https://www.capsavaj.com/policies ને આધિન....!!

**તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૨૫૩૭૩ થી ૨૫૮૦૮ પોઈન્ટ ધ્યાને લેવી...!!!**

# ત્રીજા ત્રિમાસિકમાં કોર્પોરેટ નફામાં ૧૪.૭૦% નો ઉછાળો...!!




વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક દરમિયાન કોર્પોરેટ કમાણીના આંકડા અપેક્ષા કરતાં વધુ સકારાત્મક રહ્યાં છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને બેન્કોના મજબૂત પ્રદર્શનને કારણે લિસ્ટેડ કંપનીઓના સંયુક્ત નેટ નફામાં વાર્ષિક ધોરણે ૧૪.૭૦ ટકાનો વધારો નોંધાયો છે, જે છેલ્લા આઠ ત્રિમાસિકમાં સૌથી ઝડપી વૃદ્ધિ ગણાય છે. કુલ ૩૩૫૩ લિસ્ટેડ કંપનીઓનો એડજસ્ટેડ સંયુક્ત નેટ પ્રોફિટ ત્રીજા ત્રિમાસિકમાં વધીને રૂપિયા ૩.૯૭ ટ્રિલિયન રહ્યો છે, જ્યારે નાણાં વર્ષ ૨૦૨૫ના સમાન ત્રિમાસિકમાં તે રૂપિયા ૩.૪૭ ટ્રિલિયન હતો.

નાણાં વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિકમાં આ આંકડો રૂપિયા ૩.૬૭ ટ્રિલિયન રહ્યો હતો, એમ એક રિસર્ચ ફર્મના અહેવાલમાં જણાવાયું છે. ક્રુડ તેલના ઘટેલા ભાવ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજ દરમાં ઘટાડો અને મેટલના વધતા ભાવ જેવા પરિબળોએ સંબંધિત ક્ષેત્રોની કંપનીઓના નફામાં વધારો કર્યો છે.

તેમ છતાં, નવા લેબર કોડના અમલને કારણે કેટલીક કંપનીઓએ એકમુશ્ત જોગવાઈ કરવી પડી, જેના કારણે ખાસ કરીને મોટા પ્રમાણમાં કર્મચારીઓ ધરાવતી કંપનીઓના નફા પર થોડી અસર જોવા મળી હતી.

આ સમયગાળા દરમિયાન તમામ કંપનીઓનું સંયુક્ત નેટ વેચાણ ૮.૯૦ ટકા વધ્યું છે, જે છેલ્લા ૧૧ ત્રિમાસિકમાં સૌથી ઝડપી વૃદ્ધિ છે. સમીક્ષા હેઠળની કંપનીઓનું કુલ નેટ વેચાણ રૂપિયા ૪૧.૧૭ ટ્રિલિયન (બેન્કોના મામલે વ્યાજ આવક સહિત) રહ્યું હતું, જ્યારે નાણાં વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિકમાં તે રૂપિયા ૩૭.૮૦ ટ્રિલિયન હતું.

# વેપાર અવરોધો વચ્ચે ભારત બન્યું ચીન માટે વ્યૂહાત્મક બજાર...!!

ચીનની કંપનીઓ હાલમાં ધીમી પડતી સ્થાનિક વૃદ્ધિ અને વિકસિત દેશોમાં વધતા ટ્રેડ બેરિયર્સને કારણે દબાણ હેઠળ છે. આ પરિસ્થિતિમાં હવે તેઓ ભારત તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. બીજી તરફ, ભારત પણ ચીનમાંથી આવનારા રોકાણ પ્રત્યેના પોતાના અભિગમમાં મર્યાદિત નરમાઈ લાવી શકે છે. માનવામાં આવે છે કે સરકાર ચીન સહિત જમીન સરહદ ધરાવતા પડોશી દેશોના નાના વિદેશી રોકાણોને ઓટોમેટિક રૂટ હેઠળ મંજૂરી આપવાની સંભાવના પર વિચારણા કરી રહી છે. ચીનની અર્થવ્યવસ્થા હાલમાં મંદ ગતિનો સામનો કરી રહી છે.

નિષ્ણાતોના મત અનુસાર, જો માળખાકીય સુધારા ન થાય તો આગામી વર્ષોમાં ચીનનો વિકાસ દર ઘટીને આશરે ૨.૫% સુધી આવી શકે છે. એકંદર ઉત્પાદકતા અને ઘરેલુ માંગમાં નોંધપાત્ર વધારો વિના ૪% કે તેથી વધુ વૃદ્ધિ હાંસલ કરવી મુશ્કેલ બની શકે છે. આવી સ્થિતિ 'ડ્રેગન' અર્થતંત્ર માટે મોટો ઝટકો સાબિત થઈ શકે. હાલનો વૃદ્ધિ દર ગયા વર્ષની ૫% વૃદ્ધિ કરતા નોંધપાત્ર ઓછો છે. ઉપરાંત, ૨૦૩૫ સુધી ૨૦૨૦ના સ્તરથી અર્થતંત્ર બમણું કરવા માટે જરૂરી ૪.૧૭%ના સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર કરતા પણ આ આંકડો નીચો છે. ગયા વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં ચીનનો જીએસટી વૃદ્ધિ દર ઘટીને ૪.૫% રહ્યો, જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી નીચો સ્તર છે. આવા પડકારજનક સમયમાં ચીની કંપનીઓ ભારતમાં રોકાણ કરવા ઉત્સુક બની છે. ભારત મોટું અને ઝડપથી વિકસતું ગ્રાહક બજાર છે તેમજ પ્રોત્સાહન આધારિત મેન્યુફેક્ચરિંગ નીતિઓ ઉપલબ્ધ છે. ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને મશીનરી જેવા ક્ષેત્રોમાં ભારત ચીન માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બજાર બની રહ્યું છે. ભારતની વિશાળ વસ્તી ચીની સ્માર્ટફોન અને ઓટો બ્રાન્ડ્સ માટે મોટા અવસર સર્જે છે.

# જાન્યુઆરી માસમાં જેમ્સ-જવેલરી નિકાસમાં ૫.૭૯% નો ઘટાડો...!!



દેશમાંથી જેમ્સ અને જ્વેલરીની નિકાસ જાન્યુઆરી મહિનામાં ૫.૭૯% ઘટીને ૨૨૩.૮૫ કરોડ ડોલર (અંદાજે રૂ.૨૦,૨૮૦ કરોડ) રહી હતી, જ્યારે ગત વર્ષે એ જ મહિનામાં ૨૩૭.૬૦ કરોડ ડોલર (અંદાજે રૂ.૨૧,૫૨૫ કરોડ)ની નિકાસ નોંધાઈ હતી. વૈશ્વિક પડકારો, ખાસ કરીને અમેરિકાના ઊંચા ટેરિફને કારણે નિકાસ પર દબાણ આવ્યું હતું. જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા.

એપ્રિલ-૨૦૨૫થી જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાનના ૧૦ મહિનામાં કુલ નિકાસ લગભગ સ્થિર રહી હતી અને માત્ર ૦.૬૪% ઘટીને ૨૩૧૮.૫૮ કરોડ ડોલર થઈ હતી, જે ગત વર્ષે આ જ ગાળામાં ૨૩૩૩.૪૭ કરોડ ડોલર હતી. અમેરિકાએ જાન્યુઆરી દરમિયાન ભારત પર ૫૦% સુધીનો ટેરિફ લાગુ કર્યો હતો, જેના પરિણામે અમેરિકા માટેની નિકાસમાં આશરે ૪૫% ઘટાડો નોંધાયો હતો. હાલમાં ટેરિફ ઘટાડીને ૧૮% કરવામાં આવ્યા હોવાથી આવનારા સમયમાં સકારાત્મક અસર જોવા મળી શકે છે. અમેરિકા ભારત માટે જેમ્સ-જ્વેલરીનું સૌથી મોટું નિકાસ બજાર છે. કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડની નિકાસ ૩.૬૪% ઘટીને ૯૭.૯૨ કરોડ ડોલર રહી હતી (ગત વર્ષે ૧૦૧.૬૩ કરોડ ડોલર). પોલિશ્ડ લેબ ગ્રોન ડાયમંડની નિકાસ ૨.૮૧% ઘટીને ૮.૩૪ કરોડ ડોલર રહી હતી. ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ૧૬.૫૭%નો નોંધપાત્ર ઘટાડો થઈ ૮૮.૩૧ કરોડ ડોલર રહી, જ્યારે સિલ્વર જ્વેલરીની નિકાસ ૧૦૭.૦૪% વધી ૧૫.૨૪ કરોડ ડોલર થઈ હતી. અમેરિકન ટેરિફની અસર છતાં એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન ભારતે નિકાસમાં વૈવિધ્યતા વધારી છે.

યુએઈમાં ૨૩.૭૧%, હોંગકોંગમાં ૩૩.૫% અને ઓસ્ટ્રેલિયા તથા ફ્રાન્સમાં ૩૬% કરતાં વધુ વૃદ્ધિ નોંધાઈ છે. બેલ્જિયમ, થાઈલેન્ડ અને ઈઝરાયેલ જેવા દેશોમાં પણ ડબલ ડિજિટ વૃદ્ધિ જોવા મળી છે. કાઉન્સિલના ચેરમેને જણાવ્યું હતું કે એપ્રિલ-જાન્યુઆરી દરમિયાન કુલ નિકાસ ૨૩.૧૯ અબજ ડોલર રહી, જે નાનું ઘટાડું દર્શાવે છે, પરંતુ રૂપિયામાં ગણતરી કરીએ તો વૃદ્ધિ પોઝિટિવ છે.

# ૨૦૨૫માં મજબૂત રેલી પછી હવે પ્રાયમરી માર્કેટ મંદ ગતિમાં...!!




૨૦૨૫માં રેકોર્ડ સ્તર હાંસલ કર્યા બાદ ૨૦૨૬ના પ્રારંભિક મહિનાઓમાં દેશનો પ્રાયમરી માર્કેટ મંદ ગતિમાં જોવા મળી રહ્યો છે. વર્ષની શરૂઆતના બે મહિનામાં જાહેર ભરણાંની સંખ્યા નોંધપાત્ર રીતે ઓછી રહી છે અને રોકાણકારોની અરજી સંખ્યા પણ અગાઉની સરખામણીએ ઘટી ગઈ છે. ગયા વર્ષે કુલ ૩૭૩ જાહેર ભરણાં આવ્યા હતા, જેમાં ૧૦૩ મેઈનબોર્ડ અને ૨૭૦ એસએમઈ ઈશ્યૂ સામેલ હતા. આ ઈશ્યૂઝ દ્વારા કંપનીઓએ મળીને અંદાજે રૂ.૧.૯૫ ટ્રિલિયનની મૂડી ઊભી કરી હતી. મજબૂત બજાર રેલીના કારણે કંપનીઓને ઊંચા મૂલ્યાંકન મળ્યા હતા અને અનુકૂળ પરિસ્થિતિનો પૂરતો લાભ લીધો હતો. પરંતુ ૨૦૨૬માં અત્યાર સુધી આવી ગતિ જોવા મળી નથી. હાલમાં મેઈનબોર્ડના માત્ર પાંચ ઈશ્યૂ જ આવ્યા છે અને નજીકના સમયમાં ચાર જેટલા વધુ ઈશ્યૂ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એક અહેવાલ મુજબ, પ્રાયમરી માર્કેટમાં રોકાણ પ્રત્યે રોકાણકારોની રસદારીમાં પણ ઘટાડો નોંધાયો છે.

ઘણા ઈશ્યૂઝમાં ઓવર સબ્સ્ક્રિપ્શનનો સ્તર નીચો રહ્યો છે. સાથે જ લિસ્ટિંગ બાદના વળતર પણ નબળા રહેતાં પ્રાયમરી માર્કેટ પર તેની અસર પડી છે. ૨૦૨૫માં લગભગ ૪૩ ઈશ્યૂ એવા હતા જે ૫૦ ગણાથી વધુ સબ્સ્ક્રાઈબ થયા હતા, જે તે સમયગાળામાં રોકાણકારોના ઊંચા ઉત્સાહને દર્શાવે છે. ગયા વર્ષે સેકન્ડરી બજારમાં જોરદાર રેલીને કારણે પ્રાયમરી માર્કેટ પણ સક્રિય રહી હતી. પરંતુ હાલ ભૌગોલિક-રાજકીય અશાંતિ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત અનિશ્ચિતતાઓને કારણે સેકન્ડરી માર્કેટમાં ઊંચી વોલેટિલિટી જોવા મળી રહી છે. બેન્ચમાર્ક સૂચકાંકો તેમની ઓલ-ટાઈમ હાઈ સપાટીએથી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. સ્મોલકેપ શેરોમાંથી આશરે ૫૦% શેરો તેમના ઓલ-ટાઈમ હાઈ સ્તરથી લગભગ ૪૦% સુધી નીચે આવી ચૂક્યા છે. લિસ્ટિંગ પછી શેરોની નબળી કામગીરી પણ રોકાણકારોના મનોબળ પર પ્રતિકૂળ અસર પાડી રહી છે, જેનો સીધો પ્રભાવ પ્રાયમરી માર્કેટ પર જોવા મળે છે.

### દિલ્હીમાં આતંકી હુમલાનું એલર્ટ

# લાલ કિલ્લો અને દેશના મોટા મંદિરો આતંકવાદીઓના નિશાના પર

## સુરક્ષા એજન્સીઓએ અલર્ટ જાહેર કરીને જણાવ્યું છે કે, દિલ્હીમાં લાલ કિલ્લાની સામે બોમ્બ બ્લાસ્ટ કરવાનું ષડયંત્ર આતંકવાદીઓ રચી રહ્યા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૧**

લાલ કિલ્લો અને દેશના મોટા મંદિરો આતંકવાદીઓના નિશાના પર છે. સુરક્ષા એજન્સીઓએ અલર્ટ જાહેર કરીને જણાવ્યું છે કે, દિલ્હીમાં લાલ કિલ્લાની સામે બોમ્બ બ્લાસ્ટ કરવાનું ષડયંત્ર આતંકવાદીઓ રચી રહ્યા છે. આ સાથે જ ચાંદની ચોકમાં આવેલા મંદિરને પણ આતંકવાદીઓ નિશાન બનાવી શકે છે.

એજન્સીઓનું કહેવું છે કે, લશ્કર-એ-તૈયબા IED હુમલાનું ષડયંત્ર રચી રહ્યું છે. ખરેખર ૬ ફેબ્રુઆરીએ પાકિસ્તાનના ઈસ્લામાબાદની મસ્જિદમાં થયેલા બ્લાસ્ટનો બદલો લેવા માટે લશ્કર-એ-તૈયબા ભારતમાં મોટા આતંકી હુમલા કરવાની તૈયારીમાં છે. આવી સ્થિતિમાં ભારતના મોટા મંદિરો લશ્કર-એ-તૈયબાના નિશાના પર છે.

લાલ કિલ્લા પાસે ગયા વર્ષે નવેમ્બર મહિનામાં જ એક મોટો બોમ્બ બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટકથી ભરેલી એક કારને આત્મઘાતી હુમલાખોરે બ્લાસ્ટ કરી દીધી હતી. આ હુમલામાં ઘણા લોકોના જીવ ગયા હતા. હવે ફરી લાલ કિલ્લાની નજીક બ્લાસ્ટનું અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક કરી દેવામાં આવી છે. લાલ કિલ્લાની નજીક તાજેતરમાં થયેલા કાર બોમ્બ બ્લાસ્ટ પછી પકડાયેલા આતંકી મોડ્યુલની તપાસમાં સામે આવ્યું છે કે આ ષડયંત્રનો માસ્ટરમાઈન્ડ ડૉ.ઉમર-ઉન-નબી બીજા આત્મઘાતી હુમલાખોરની ભરતી કરવાના પ્રયાસમાં હતો.

શ્રીનગર પોલીસ અને રાષ્ટ્રીય અન્વેષણ એજન્સીએ નબી દ્વારા સંચાલિત એક સમાનાંતર આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. નબી તે જ વ્યક્તિ હતો, જે ૧૦ નવેમ્બરે ઐતિહાસિક લાલ કિલ્લાની નજીક વિસ્ફોટકોથી ભરેલી ગાડી ચલાવી રહ્યો હતો. આ બ્લાસ્ટમાં ૧૨થી વધુ લોકોના મોત થયા હતા. પકડાયેલા શંકાસ્પદોની પૂછપરછ દરમિયાન ડૉક્ટરથી આતંકવાદી બનેલા વ્યક્તિ દ્વારા અપનાવવામાં આવેલી ભરતીની રણનીતિનો ખુલાસો થયો છે. આ જ માહિતીના આધારે NIAએ શોપિયાંના રહેવાસી યાસિર અહમદ ડારની ધરપકડ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની રાજધાનીના બાહ્ય વિસ્તારમાં આવેલી એક શિયા મસ્જિદમાં તાજેતરમાં થયેલા ઘાતક આત્મઘાતી હુમલામાં ૩૧ લોકો માર્યા ગયા હતા. આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા એક સંગઠને લીધી છે. પાક પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, તેમણે હુમલાખોર અને તેના સહયોગીઓની ઓળખ કરી લીધી છે અને હુમલાના માસ્ટરમાઈન્ડની ધરપકડ કરી લીધી છે.

બીજી તરફ, ભારતીય વિદેશ મંત્રાલયના નિવેદનમાં મસ્જિદ હુમલાની નિંદા કરીને માસૂમ નાગરિકોના મોત પર સંવેદના વ્યક્ત કરવામાં આવી છે, પરંતુ સાથે જ પાકિસ્તાન દ્વારા લગાવવામાં આવેલા કોઈપણ પ્રકારના ભારતીય સંબંધના આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યા છે.

### નાના વેપારીઓની લડાઈ અને નીલ કાત્યાલની મજબૂત રજૂઆત

# ભારતીય મૂળના વકીલે ટ્રમ્પના ટેરિફ સામ્રાજ્યને હચમચાવી દીધું

## કાત્યાલ ભૂતકાળમાં બરાક ઓબામાના શાસનકાળ દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ તરીકે સેવા આપી ચૂક્યા છે





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

અમેરિકાના ન્યાયિક ઈતિહાસમાં એક ખૂબ જ મહત્ત્વનો અને મોટો ઉલટફેર જોવા મળ્યો છે. અમેરિકન સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો આપતા તેમના ટેરિફ લાદવાના નિર્ણયને રદ કરી દીધો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જનતા પર ટેરિફ કે ટેક્સ લગાવવાનો અધિકાર માત્ર કોંગ્રે (સંસદ) પાસે છે, અમેરિકન પ્રમુખ પાસે નહીં. આ ઐતિહાસિક ચુકાદામાં ટ્રમ્પ વિરુદ્ધ કાનૂની લડાઈ લડવાનો શ્રેય એક ભારતીય મૂળના ધારાશાસ્ત્રી નીલ કાત્યાલને જાય છે. કાત્યાલ ભૂતકાળમાં બરાક ઓબામાના શાસનકાળ દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ તરીકે સેવા આપી ચૂક્યા છે.

નીલ કાત્યાલે સુપ્રીમ કોર્ટમાં ૧૯૭૭ના 'ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ'ના દુરુપયોગ અંગે દલીલો રજૂ કરી હતી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે, ટ્રમ્પનો આ નિર્ણય સંપૂર્ણપણે ગેરબંધારણીય છે. કોર્ટના ચુકાદા બાદ કાત્યાલે ગર્વ સાથે કહ્યું કે, 'આજે અમેરિકામાં કાયદાનું શાસન સર્વોપરી સાબિત થયું છે. પ્રમુખ ગમે તેટલા શક્તિશાળી હોય, પરંતુ તેઓ બંધારણથી ઉપર નથી.' આ કેસ નાના વેપારીઓએ સાથે મળીને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચાડ્યો હતો, જેની રજૂઆત કાત્યાલે એટલી મજબૂત રીતે કરી કે કોર્ટે બંધારણીય મર્યાદાઓને પ્રાધાન્ય આપ્યું.

નીલ કાત્યાલના માતા-પિતા મૂળ ભારતીય હતા, જેઓ અમેરિકા સ્થાયી થયા હતા. કાત્યાલનો જન્મ શિકાગોમાં થયો હતો. તેમના માતા-પિતા ડૉક્ટર અને એન્જિનિયર હોવા છતાં નીલે કાયદાના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું પસંદ કર્યું. તેમણે વિશ્વવિખ્યાત યેલ લૉ સ્કૂલમાંથી ગ્રેજ્યુએશન કર્યું અને બાદમાં જસ્ટિસ સ્ટીફન બ્રેયર સાથે કામ કરીને અનુભવ મેળવ્યો. ૨૦૧૦માં બરાક ઓબામાએ તેમને કાર્યકારી સોલિસિટર જનરલ બનાવ્યા હતા.

લઘુમતી વકીલ તરીકે અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં સૌથી વધુ કેસ લડનારા તેઓ પ્રથમ વ્યક્તિ છે. અગાઉ તેમણે વોટિંગ રાઈટ એક્ટ અને ટ્રમ્પના ટ્રાવેલ બેન વિરુદ્ધ પણ મજબૂત લડાઈ લડી હતી. તેમની અસાધારણ સેવાઓ માટે અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા તેમને નાગરિક સન્માન પણ આપવામાં આવ્યું છે અને ફોર્બ્સ જેવી સંસ્થાઓએ પણ તેમને વિશ્વના ટોચના વકીલોની યાદીમાં સ્થાન આપ્યું છે.

### પગાર ૬ હજાર અને નોટિસ મળી ૨ કરોડની

# ડુમરિયાગંજ વિસ્તારના એક યુવાનને GST વિભાગ તરફથી મળી ૨ કરોડની નોટિસ

## તેઓ કહે છે કે હું એક ગરીબ માણસ છું હું છ થી સાત હજાર રૂપિયામાં કામ કરું છું મને બિનજરૂરી રીતે ફસાવવામાં આવી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ,તા.૨૧**

ડુમરિયાગંજ વિસ્તારના એક યુવાનને GST વિભાગ દ્વારા આશરે૨ કરોડ (આશરે $20 મિલિયન) ની કર ચુકવણીની માંગણી કરતી નોટિસ મોકલવામાં આવી છે. જેનાથી પીડિત ઓમ પ્રકાશ વર્મા, આઘાતમાં છે અને મૂંઝવણ અનુભવી રહ્યા છે.

આ ચોંકાવનારો કિસ્સો ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાંથી સામે આવ્યો છે. ડુમરિયાગંજ વિસ્તારના એક યુવાનને GST વિભાગ દ્વારા આશરે ૨ કરોડ (આશરે $20 મિલિયન) ની કર ચુકવણીની માંગણી કરતી નોટિસ મોકલવામાં આવી છે. જેનાથી પીડિત ઓમ પ્રકાશ વર્મા, આઘાતમાં છે અને મૂંઝવણ અનુભવી રહ્યા છે. તેઓ કહે છે કે હું એક ગરીબ માણસ છું. હું છ થી સાત હજાર રૂપિયામાં કામ કરું છું. મને બિનજરૂરી રીતે ફસાવવામાં આવી રહ્યો છે. હકીકતમાં, ઓમ પ્રકાશ ડુમરિયાગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ભારવાથિયા મુસ્તખામ ગામના રહેવાસી છે. તેમને GST વિભાગ તરફથી ૧,૯૯,૪૨,૩૧૩ (આશરે $130 મિલિયન) ની કર ચુકવણીની માંગણી કરતી નોટિસ મળી હતી. આ નોટિસ ૧૦ ફેબ્રુઆરીએ મેઈલ કરવામાં આવી હતી.

નોટિસ વાંચીને ઓમ પ્રકાશ ચોંકી ગયા. વર્મા છ થી સાત હજાર રૂપિયા કમાય છે અને ખાનગી શિક્ષક છે. તેમણે સૌપ્રથમ ડુમરિયાગંજ પોલીસ સ્ટેશનમાં આ બાબત અંગે અરજી દાખલ કરી.

મુખ્યાલય ખાતે સેલ્સ ટેક્સ વિભાગમાં પૂછપરછ કર્યા પછી, તેમને ખબર પડી કે કોઈએ તેમના પાન કાર્ડનો દુરુપયોગ કરીને નવી દિલ્હી અને ફર્રુખાબાદમાં અલગ અલગ કંપનીઓ બનાવી છે. તે કંપનીઓ સાથે વ્યવહારો કરવામાં આવ્યા હતા. નવી દિલ્હી સ્થિત ઓમ ટ્રેડર્સે ગયા વર્ષે ૧૧,૦૭,૯૦,૬૨૮ નો વ્યવહાર કર્યો હતો, અને પીડિતને ૧,૯૯,૪૨,૩૧૩ નો ટેક્સ ચૂકવવા માટે પોસ્ટ દ્વારા નોટિસ મળી હતી.

પીડિતાએ જણાવ્યું કે, હું સિદ્ધાર્થનગરના ભારવથિયા મુસ્તખામનો રહેવાસી છું. મારી પાસે એક પાન કાર્ડ હતું, જેનો કોઈએ બે કંપનીઓ બનાવવા માટે દુરુપયોગ કર્યો હતો. એક દિલ્હીમાં ઓમ ટ્રેડર્સ નામથી નોંધાયેલ છે, અને બીજી ફાર્રુખાબાદમાં વર્મા એન્ટરપ્રાઇઝ નામથી નોંધાયેલ છે. મને ૧૦ ફેબ્રુઆરીએ નોટિસ મળી. તે ૨ કરોડની હતી. હું એક ગરીબ માણસ છું, અને હું ડરી ગયો હતો. હું આ મામલાની તપાસ કરાવવા માટે દોડી ગયો. મેં ડુમરિયાગંજ પોલીસ સ્ટેશનમાં અરજી પણ દાખલ કરી. જ્યારે હું નૌગઢ ગયો, ત્યારે કરવેરા વિભાગના ડેપ્યુટી કમિશનરે મને કહ્યું કે તે મારા નામે નોંધાયેલ છે. ત્યારથી હું આમતેમ દોડી રહ્યો છું. આ નોટિસ દિલ્હીથી આવી છે. હું એક ખાનગી શિક્ષક છું અને ૬,૦૦૦-૭,૦૦૦ નો પગાર મેળવું છું. હું આની સંપૂર્ણ તપાસ ઈચ્છું છું. મને બિનજરૂરી રીતે ફસાવવામાં આવી રહ્યો છે.

# આસામમાં ધોળા દિવસે કરોડોના ઘરેણાં ની લૂંટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**આસામ,તા.૨૧**

આસામમાં ધોળા દિવસે કરોડોની લૂંટની ઘટના સામે આવી છે, જેમાં કરોડો રૂપિયાના ઘરેણાંઓ ચોરોએ સાફ કરી નાખ્યાં છે. બરપેટા રોડ ટાઉનમાં બનેલી આ ઘટનાએ આખા વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો છે.

આ ઘટના શહેરના સૌથી વ્યસ્ત વિસ્તાર દુર્ગાબાડી રોડ પર આવેલા પ્રતિષ્ઠિત જ્વેલરી શોરૂમ 'સેક્રો અલંકાર'માં બની હતી. મળતી માહિતી અનુસાર, બપોરના સમયે શોરૂમમાં હથિયાર સાથે પાંચ શખ્સો ઘૂસી આવ્યા હતા. આ ગેંગે હથિયારથી કર્મચારીઓ અને ગ્રાહકોને ડરાવ્યા હતા અને શોરૂમમાં રાખેલા કિંમતી ઘરેણાંઓ પર હાથ સાફ કર્યો હતો.

લૂંટારાઓ કરોડો રૂપિયાના ઘરેણાં લઈને ફરાર થઈ ગયા હતા. જોકે, લૂંટની ચોક્કસ રકમનો હજુ સત્તાવાર આંકડો નક્કી થયો નથી, પરંતુ સ્થાનિક સૂત્રો અનુસાર આ રકમ ૪ કરોડથી લઈને ૧૨ કરોડ રૂપિયા સુધીની હોઈ શકે છે. આ વસ્તુઓમાં સોનાના ઘરેણાં, હીરાના આભૂષણો, ચાંદીની વસ્તુઓ અને રોકડ પણ સામેલ છે. આ શોરૂમના માલિક અસિત દેવનાથ છે, જેઓ કોકરાઝારના રહેવાસી છે. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આખા વિસ્તારમાં નાકાબંધી કરી દીધી હતી.

પોલીસે જણાવ્યું છે કે, તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓની ઓળખ કરીને તેમને ઝડપી પાડવા માટે ટીમો બનાવવામાં આવી છે.

# કાશ્મીરમાં CRPFનું વાહન નહેરમાં ખાબક્યુ, સાત જવાન ઘાયલ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીનગર,તા.૨૧**

શ્રીનગરમાં શનિવારે સીઆરપીએફ જવાનો ભરેલી કાર નહેરમાં ખાબકી હતી. સૌરાના દાગપોરા વિસ્તારમાં CRPF બંકર વાહન રસ્તા પરથી લપસીને નહેરમાં પડી ગયું હતું. આ ઘટનામાં ઓછામાં ઓછા નવ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ જવાનો ઘાયલ થયા છે. અહમદનગરના દાગપોરા રોડ પર આ અકસ્માત થયો . ડ્રાઈવરે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો જેના કારણે કાર નહેરમાં પડી ગઇ હતી.એક અધિકારીએ જણાવ્યું હતું કે, શરૂઆતની વિગતો સૂચવે છે કે શ્રીનગરના અહમદ નગર વિસ્તારમાં આ ઘટના બની હતી જ્યારે ડ્રાઈવરે બુલેટપ્રૂફ બંકર વાહનનું સંતુલન ગુમાવ્યું હતું. વાહન રસ્તા પરથી સરકી ગયું અને પાણીની નહેરમાં પડી ગયું.ઘટનાને પગલે ત્યાંથી પસાર થતા લોકો ઘટનાસ્થળે દોડી ગયા અને ફસાયેલા સૈનિકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરી. ૨૧મી બટાલિયનના સૈનિકોને સારવાર માટે નજીકના સૌરા સ્થિત શેર-એ-ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના એક વરિષ્ઠ ડૉક્ટરે જણાવ્યું હતું કે સૈનિકોને નાની ઈજાઓ થઈ છે અને તેમની સ્થિતિ સ્થિર જાહેર કરવામાં આવી છે.

ઘાયલ કર્મચારીઓની ઓળખ નાગિન્દર સિંહ (૩૬), અજિત કુમાર રામ (૩૬), રાજ કિશોર રાય (૪૦), અમિત કુમાર યાદવ (૩૮), રાજધન રામ (૫૫), માનકર કુમાર (૪૦) અને નીરજ કુમાર (૪૫) તરીકે થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તબીબી ટીમો તેમની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

### ડિજિટલ ફૂટપ્રિન્ટ્સથી થયો ખુલાસો

# બાંદા જિલ્લામાં સરકારી એન્જિનિયર અને તેની પત્નીએ 33 માસૂમ બાળકોનું શોષણ કર્યું

## છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજે 33 બાળકોનું જાતીય શોષણ કર્યું અને તેના બિભત્સ વીડિયો બનાવી ડાર્ક વેબ દ્વારા ૪૭ દેશોમાં વેચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ,તા.૨૧**

યુપીના બાંદા જિલ્લામાંથી સામે આવેલી આ ઘટના માનવતાને શર્મસાર કરનારી છે. અહીં એક સરકારી એન્જિનિયર અને તેની પત્નીએ મળીને માસૂમ બાળકોના જીવન નરક બનાવી દીધા હતા. સિંચાઈ વિભાગના પૂર્વ જુનિયર એન્જિનિયર રામભવન અને તેની પત્નીએ છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજે ૩૩ બાળકોનું જાતીય શોષણ કર્યું અને તેના બિભત્સ વીડિયો બનાવી ડાર્ક વેબ દ્વારા ૪૭ દેશોમાં વેચ્યા હતા. આ મામલાની ગંભીરતાને જોતા કોર્ટે તેને 'રેરેસ્ટ ઓફ રેર' કેસ ગણાવીને પતિ-પત્ની બંનેને ફાંસીની સજા ફટકારી છે.

આ આંતરરાષ્ટ્રીય રેકેટનો ખુલાસો ત્યારે થયો જ્યારે ઈન્ટરપોલને ડિજિટલ મોનિટરિંગ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિઓ જોવા મળી. ઈન્ટરપોલે ભારતની તપાસ એજન્સીઓને એલર્ટ કરી અને ઑક્ટોબર ૨૦૨૦માં સીબીઆઈએ(CBI) આ કેસ હાથમાં લીધો. તપાસ દરમિયાન જ્યારે એન્જિનિયરના ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવ્યા, ત્યારે પેન ડ્રાઈવ અને હાર્ડ ડિસ્કમાંથી બાળકોના શોષણના સેંકડો ફોટો અને વીડિયો મળી આવ્યા હતા, જેણે તપાસ અધિકારીઓને પણ સ્તબ્ધ કરી દીધા હતા.રામભવન બાળકોને ઓનલાઈન ગેમ રમવાની લાલચ, પૈસા અથવા નાની ભેટ આપીને પોતાના જાળમાં ફસાવતો હતો. આ નેટવર્ક ૨૦૧૦થી ૨૦૨૦ દરમિયાન બાંદા અને ચિત્રકૂટ વિસ્તારમાં સક્રિય હતું. જે બાળકો જાળમાં ફસાઈ જતા, તેમને ડરાવી-ધમકાવીને કે બ્લેકમેલ કરીને તેમનું શોષણ કરવામાં આવતું હતું. આ અત્યાચારનો ભોગ બનેલા કેટલાક બાળકોની ઉંમર તો માત્ર ૩ વર્ષ જેટલી નાની હતી. આ શારીરિક અને માનસિક ત્રાસને કારણે ઘણા બાળકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ગંભીર માનસિક આઘાતમાં જીવી રહ્યા છે.

સીબીઆઈએ ફેબ્રુઆરી ૨૦૨૧માં ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં ૭૪ સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. પોક્સો કોર્ટે ૧૬૦ પાનાના ઐતિહાસિક ચુકાદામાં બંને ગુનેગારોને ફાંસીની સજા સંભળાવતા કહ્યું કે, 'બંનેને ત્યાં સુધી ફાંસી પર લટકાવવામાં આવે જ્યાં સુધી તેમનું મૃત્યુ ન થાય.' આ સાથે જ કોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો છે કે દરેક પીડિત બાળકને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવે, જેથી તેમના પુનર્વસન અને ભવિષ્યને સુરક્ષિત કરી શકાય.

### IMFના વડાની ચેતવણી

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી ભારતનો વિકાસ થશે પરંતુ બેરોજગારી વધશે

## આઈએમએફના અંદાજ મુજબ દુનિયામાં ૪૦ ટકા નોકરીઓ પર એઆઈનું જોખમ તોળાઈ રહ્યું છે, વિકાસશીલ બજારોમાં આ આંકડો ૪૦ ટકા અને વિકસિત દેશોમાં ૬૦ ટકા સુધી પહોંચી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)થી દુનિયામાં નવા યુગની શરૂઆત થશે અને વૈશ્વિક અર્થતંત્રમાં વૃદ્ધિ જોવા મળશે. ભારત એઆઈની મદદથી વિકસિત ભારતનું સપનું સાકાર કરી શકશે, પરંતુ એઆઈથી ભારતમાં લાખો નોકરીઓ પર સંકટ ઊભું થશે. પ્રત્યેક ૧૦માંથી ચાર નોકરી જવાનું જોખમ રહેશે તેમ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનાં ચીફ ક્રિસ્ટલિના જોર્જીવાએ ઈન્ડિયા એઆઈ સમિટમાં જણાવ્યું હતું. બીજીબાજુ ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને કહ્યું કે, રોબોટ જેવા કેટલાક ક્ષેત્રોમાં ચીન ઘણું આગળ છે, પરંતુ એઆઈમાં ભારતનો વિકાસ શાનદાર રહ્યો છે. એઆઈની લોકતાંત્રિક આવૃત્તિની શક્યછે, જેનાથી આર્થિક શક્તિનું વિકેન્દ્રીકરણ થઈ શકે છે.

નવી દિલ્હીના ભારત મંડપમમાં આયોજિત ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએ)નાં ચીફ ક્રિસ્ટલિના જોર્જીવાએ કહ્યું કે, વૈશ્વિક અર્થતંત્ર માટે એઆઈ ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. એઆઈના સતત વધતા ઉપયોગથી વૈશ્વિક વૃદ્ધિને ૦.૮ ટકા સુધી વધારી શકે છે, જેની સકારાત્મક અસર ભારત પર પડશે. એઆઈની મદદથી મોદી સરકારનું વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું સપનું સાકાર થઈ શકે છે. ભારતનું ૩૦ લાખ કરોડ ડોલરનું અર્થતંત્ર બનવાનું લક્ષ્ય પણ હાંસલ થઈ શકે છે. તેમણે ઉમેર્યું કે, તિવ્ર આર્થિક વૃદ્ધિનો અર્થ છે વધુ તકો અને રોજગાર સર્જન. એઆઈ ક્ષમતા વધારીને કંપનીઓની ઉત્પાદક્તામાં સુધારો લાવી શકે છે, જેનાથી આવક અને રોકાણ બંનેમાં વધારો શક્ય છે. જોકે, તેમણે ચેતવણી પણ આપી કે એઆઈની અસર શ્રમ બજાર પર ગંભીર હોઈ શકે છે.

આઈએમએફના અંદાજ મુજબ દુનિયામાં ૪૦ ટકા નોકરીઓ પર એઆઈનું જોખમ તોળાઈ રહ્યું છે. વિકાસશીલ બજારોમાં આ આંકડો ૪૦ ટકા અને વિકસિત દેશોમાં ૬૦ ટકા સુધી પહોંચી શકે છે. એટલે કે એઆઈથી આર્થિક વૃદ્ધિ તો થશે, પરંતુ નોકરીઓ પર મોટું જોખમ રહેશે. એકંદરે એઆઈ વૈશ્વિક અને ભારતીય અર્થતંત્ર માટે મોટી તકો લઈને આવ્યું છે, પરંતુ તેની સાથે રોજગાર માળખામાં મોટા પરિવર્તન પણ પડકારજનક છે. આથી નીતિ ઘડનારાઓએ સંતુલિત રણનીતિ બનાવવી હવે પહેલા કરતાં વધુ જરૂરી થઈ ગયું છે.તેમણે ઉમેર્યું હતું કે, ભારત ખુશનસીબ છે કે તેમની સરકારે પબ્લિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કર્યું છે. આંત્રપ્રિન્યોરશિપના અવરોધોને દૂર કરીને અને તમારી પાસે એઆઈને અપનાવનારી યુવાન, એનર્જેટિક, ઈનોવેટિવ વસતી છે. એઆઈ સાથે સંકળાયેલી એક નોકરી કુલ મળીને ૧.૩ નોકરીઓ પેદા કરે છે. દરમિયાન ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને એઆઈના ભવિષ્યનું માળખું ખેંચ્યું છે. તેમણે કહ્યું, એઆઈએ એક વર્ષ જેટલા થોડા સમયમાં જ હાઈસ્કૂલના ગણિતથી લઈને રિસર્ચ સ્તરના ગણિત અને ફિઝિક્સના નવા પ્રશ્નોને ઉકલેવા સુધીનો પ્રવાસ ખેડયો છે.

ભારત કોડેક્સ માટે સૌથી ઝડપથી વધતું બજાર છે. ભારત એઆઈનું ગ્રાહક હોવાથી આગળ વધીને હવે નિર્માણ ક્ષેત્રમાં અભૂતપૂર્વ ઊર્જા દાખવી રહ્યું છે. એઆઈનો ભારતીય આઈટી પર મોટો પ્રભાવ પડશે.જોકે, ઓલ્ટમેને એઆઈની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરવા માટે પરમાણુ અને સૌર ઊર્જા તરફ આગળ વધવાની ભલામણ કરી હતી. તેમણે અવકાશમાં ડેટા સેન્ટર બનાવવાને મૂર્ખામી ગણાવી.

# નેપાળમાં DJ વિવાદે ભડકાવી હિંસાઃ પોલીસ વાહન સળગાવાયું, કર્ફ્યુ લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નેપાળ,તા.૨૧**

ભારતના પાડોશી દેશ નેપાળમાં એક ગંભીર સમુદાયિક અથડામણની ઘટના સામે આવી છે. મધેસી પ્રદેશના રૌતહાટ જિલ્લોમાં આવેલા ગૌર નગરપાલિકાના સાનગઢ ગામમાં બે સમુદાયો વચ્ચે થયેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું. આ ઘટનામાં તોફાનીઓએ પોલીસના વાહનને આગ ચાંપી દીધી, પથ્થરમારો કર્યો અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડ્યું.

મળતી માહિતી અનુસાર, ગુરુવારે રાત્રે એક હિન્દુ લગ્નનું સરઘસ મોટા અવાજે ડીજે વગાડતું મસ્જિદ પાસેથી પસાર થઈ રહ્યું હતું. તે સમયે મસ્જિદમાં રાત્રિની નમાજ ચાલી રહી હતી. સંગીતના મોટા અવાજને લઈને એક સમુદાયે ડીજે બંધ કરવાની માંગ કરી, જેને કારણે બંને પક્ષો વચ્ચે ઉગ્ર દલીલ શરૂ થઈ. શરૂઆતમાં મૌખિક ઝઘડો હતો, પરંતુ થોડા જ સમયમાં સ્થિતિ બગડી ગઈ અને પથ્થરમારો શરૂ થયો.

ઝઘડો વધતા બંને પક્ષોના લોકો રસ્તા પર આવી ગયા. રાત્રે શરૂ થયેલો વિવાદ શુક્રવારે સવારે ફરી ભડકી ઉઠ્યો. અહેવાલો મુજબ, પથ્થરમારા સાથે સાથે કેટલાક તોફાનીઓએ પોલીસ પર પણ હુમલો કર્યો અને એક પોલીસ વાહનને આગ ચાંપી દીધી. પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે હવામાં ગોળીબાર પણ કર્યો હતો.

સ્થાનિક પ્રશાસનનું કહેવું છે કે હિંસા માત્ર સાનગઢ ગામ સુધી સીમિત રહી નથી, પરંતુ તેની અસર આસપાસના વિસ્તારોમાં પણ જોવા મળી છે. કેટલાક સ્થળોએ તોડફોડ અને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચારના બનાવો નોંધાયા છે. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને વધુ લોકોની ઓળખ કરવામાં આવી રહી છે.

પરિસ્થિતિ ગંભીર બનતા રૌતહાટ જિલ્લા વહીવટીતંત્રએ તાત્કાલિક પગલાં લીધા. મુખ્ય જિલ્લા અધિકારીએ ગૌર નગરપાલિકાના સંવેદનશીલ વિસ્તારોમાં અનિશ્ચિત સમય માટે કર્ફ્યુ જાહેર કર્યો છે.

આ કર્ફ્યુ હેઠળ પાંચથી વધુ લોકોના એકત્ર થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાથે જ સરઘસ, રેલીઓ, ધરણાં, પ્રદર્શન અને ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

પ્રશાસને સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરી છે. વિસ્તારમાં વધારાની પોલીસ દળો તૈનાત કરવામાં આવી છે અને સતત પેટ્રોલિંગ ચાલી રહ્યું છે. અધિકારીઓએ લોકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને શાંતિ જાળવવાની અપીલ કરી છે. વહીવટીતંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે કર્ફ્યુના આદેશનો ભંગ કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ચીનના 'નો એન્ટ્રી ઝોન'માં ઘૂસ્યા અમેરિકન ફાઈટર જેટ

## જેવા તેઓ આ ક્ષેત્રની નજીક પહોંચ્યા કે તરત જ બેઇજિંગે જવાબમાં પોતાના લડાકુ વિમાનો તેમની પાછળ લગાવી દીધા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ચીન, તા.૨૧**

આ સપ્તાહે કોરિયન દ્વીપકલ્પ પાસે આંતરરાષ્ટ્રીય જળસીમા ઉપર અમેરિકા અને ચીનના લડાકુ વિમાનો સામસામે આવી ગયા હતા. આ ક્ષેત્રમાં બંને મહાસત્તાઓ વચ્ચે આ પ્રકારનો ટકરાવ અત્યંત દુર્લભ માનવામાં આવે છે.

બુધવારે પ્યોંગટેક એરબેઝ પરથી લગભગ ૧૦ અમેરિકન લડાકુ વિમાનોએ દક્ષિણ કોરિયાના પશ્ચિમ કિનારાથી દૂર આંતરરાષ્ટ્રીય જળસીમામાં લશ્કરી કવાયત માટે ઉડાન ભરી હતી. જોકે અમેરિકન વિમાનોએ ચીનના એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન માં પ્રવેશ કર્યો ન હતો, પરંતુ જેવા તેઓ આ ક્ષેત્રની નજીક પહોંચ્યા કે તરત જ બેઈજિંગે જવાબમાં પોતાના લડાકુ વિમાનો તેમની પાછળ લગાવી દીધા હતા.

એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન એ કોઈપણ દેશના સાર્વભૌમ હવાઈ ક્ષેત્રથી અલગ હોય છે. આ એવો વિસ્તાર છે જ્યાં દેશની સરહદની નજીક આવતા વિમાનોએ પોતાની ઓળખ સ્પષ્ટ કરવી પડે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ચીનનો પક્ષઃ ચીનના સરકારી અખબાર 'ગ્લોબલ ટાઈમ્સ' એ શુક્રવારે અજ્ઞાત સ્રોતોને ટાંકીને જણાવ્યું હતું કે ચીની પીપલ્સ લિબરેશન આર્મી એ કાયદા અને નિયમો અનુસાર સમગ્ર પ્રક્રિયા દરમિયાન પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા અને અસરકારક પ્રતિસાદ આપવા માટે તેની નૌકાદળ અને વાયુસેના તૈનાત કરી હતી.

દક્ષિણ કોરિયામાં તૈનાત લગભગ ૨૮,૫૦૦ અમેરિકન સૈનિકોની કમાન સંભાળતા 'યુએસ ફોર્સિસ કોરિયા' એ આ અંગે તાત્કાલિક કોઈ નિવેદન જારી કર્યું નથી. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે અમેરિકી સૈન્ય કામગીરીની પુષ્ટિ કરવામાં અસમર્થતા દર્શાવતા કહ્યું કે, યુએસ ફોર્સિસ કોરિયા અમારી સેના સાથે મજબૂત સંયુક્ત સંરક્ષણ પ્રણાલી જાળવી રહ્યું છે. દક્ષિણ કોરિયાની ભાગીદારી વિના ચીનના ADIZ ની આટલી નજીક અમેરિકી લડાકુ વિમાનોની આ પ્રકારની તાલીમ એક અસામાન્ય ઘટના માનવામાં આવે છે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે ચીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં, ખાસ કરીને દક્ષિણ ચીન સમુદ્ર અને સ્વશાસિત તાઈવાનને લઈને તેની સૈન્ય આક્રમકતા વધારી દીધી છે.

જાપાન સાથે તણાવઃ તાજેતરમાં જાપાની વડાપ્રધાન સાને તાકાઈચીના નિવેદન બાદ તણાવ વધુ વધ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે જો ચીન તાઈવાન પર હુમલો કરે છે તો ટોક્યો માટે પોતાની સેના તૈનાત કરવી કાયદેસર રીતે યોગ્ય હોઈ શકે છે.

રડાર વિવાદઃ અગાઉ ડિસેમ્બરમાં, ટોક્યોએ ચીની લડાકુ વિમાન પર જાપાની વિમાનો પર 'વેપન-ટાર્ગેટિંગ રડાર' નો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન એ પાંચ વર્ષમાં પ્રથમ વખત એક મહત્વપૂર્ણ પાર્ટી કોંગ્રેસની શરૂઆત કરી છે. કિમે પહેલેથી જ કહ્યું છે કે, તેઓ આ બેઠકમાં "દેશના પરમાણુ યુદ્ધ નિવારક ને વધુ મજબૂત કરવા માટેની આગામી યોજનાઓ" સ્પષ્ટ કરશે. બીજી તરફ, અમેરિકા સંકેત આપી રહ્યું છે કે તે દક્ષિણ કોરિયાને ઉત્તર કોરિયા સામે લડવામાં પ્રાથમિક ભૂમિકા ભજવવા વિનંતી કરી શકે છે.

# પાકિસ્તાનની સરહદમાં ગુપચુપ છુપાયું હતું ઈરાનનું જહાજ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૧**

ભારતીય સમુદ્રી સીમામાં સુરક્ષા એજન્સીઓએ એક મોટી કાર્યવાહી કરી છે, જેમાં ઈરાન સાથે જોડાયેલા ત્રણ તેલ ટેન્કરોને જપ્ત કરવામાં આવ્યા છે. આ સમગ્ર મામલામાં હવે એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે જપ્ત કરાયેલા જહાજો પૈકીનું એક 'એસ્ફાલ્ટ સ્ટાર' ઘણા દિવસો સુધી પાકિસ્તાની સમુદ્રી ક્ષેત્રમાં શંકાસ્પદ રીતે ફરતું હતું અને તે દરમિયાન તેની ટ્રેકિંગ સિસ્ટમ પણ બંધ રાખવામાં આવી હતી. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા કરવામાં આવેલી આ તપાસમાં તેલની તસ્કરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓના ગંભીર આરોપો સામે આવ્યા છે.

ભારતીય કોસ્ટગાર્ડે ૬ ફેબ્રુઆરીના રોજ પશ્ચિમી તટ પરથી ત્રણ પ્રતિબંધિત જહાજો —ને પકડી પાડ્યા હતા. આ જહાજો પર સવાર ૫૫ ક્રૂ મેમ્બર્સની અટકાયત કરી તપાસ માટે તેમને મુંબઈ લાવવામાં આવ્યા છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ જહાજોએ ઈરાન સાથે જોડાયેલા તેલની હેરાફેરી માટે 'AIS સ્પૂફિંગ' (ખોટી લોકેશન બતાવવી) અને નકલી ઓળખનો ઉપયોગ કર્યો હતો. મુંબઈના યેલો ગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, આ જહાજોના માલિક અબુ ધાબીમાં રહેતા ભારતીય નાગરિક જોગીન્દર સિંહ બરાર છે. હાલમાં જહાજના કેપ્ટન શ્યામ બહાદુર ચૌહાણ સહિત અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સૌથી મોટો ઘટસ્ફોટ એ થયો છે કે, 'એસ્ફાલ્ટ સ્ટાર' જહાજ ૨૦ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી સુધી પાકિસ્તાનના વિશેષ આર્થિક ક્ષેત્રમાં પ્રવેશ્યું હતું. આ દરમિયાન જહાજે પોતાની ઓળખ છુપાવવા માટે ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ અને અન્ય સેન્સર્સ બંધ કરી દીધા હતા. જોકે, જહાજના કેપ્ટને એવો બચાવ કર્યો હતો કે સિસ્ટમ ખરાબ હોવાને કારણે આવું થયું હતું, પરંતુ સુરક્ષા એજન્સીઓ આ વાતને ગંભીરતાથી લઈ રહી છે કારણ કે આ જહાજોએ ભારતીય અધિકારીઓને જાણ કર્યા વગર એકબીજાને હજારો મેટ્રિક ટન તેલ અને અન્ય સામગ્રી ટ્રાન્સફર કરી હતી.

આ કાર્યવાહી ઈરાન સાથે જોડાયેલા 'શેડો ફ્લીટ' એટલે કે ગુપ્ત જહાજોના નેટવર્ક સામે ભારતની વધતી સતર્કતા દર્શાવે છે. અમેરિકાના પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાના નિયમોને ધ્યાનમાં રાખીને ભારત હવે સમુદ્રી સીમામાં થતા ગેરકાયદેસર તેલ વેપાર પર કડક નજર રાખી રહ્યું છે.

બીજી તરફ, જહાજના માલિક જોગીન્દર સિંહ બરારે તમામ આરોપો નકારી કાઢ્યા છે અને દાવો કર્યો છે કે તેમના જહાજો માત્ર મુશ્કેલીમાં ફસાયેલા અન્ય જહાજોને મદદ કરી રહ્યા હતા. હાલમાં તપાસ ચાલુ છે અને ત્રણેય જહાજો મુંબઈ બંદરે લાંગરેલા છે.




ફિલ્મ નિર્માતાઓ દ્વારા સત્તાવાર જાહેરાત

# કમલ હાસન અને રજનીકાંત ૪૭ વર્ષ પછી સાથે ફિલ્મ કરશે






## બંને મેગા સ્ટાર્સ અત્યાર સુધીમાં તમિલ, તેલુગુ અને હિન્દી ભાષામાં કુલ ૨૧ ફિલ્મો સાથે કરી ચૂક્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**

સાઉથના બે મેગા સ્ટાર કમલ હાસન અને રજનીકાંત એક ફિલ્મમાં સાથે આવી રહ્યાની ચર્ચાઓ લાંબા સમયથી હતી. હવે આ ફિલ્મના નિર્માતાઓએ તેની સત્તાવાર પુષ્ટિ કરી છે. આશરે ૪૭ વર્ષ પછી બંને સ્ટાર્સ એક ફિલ્મમાં સાથે દેખાશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આ ફિલ્મનું ટીઝર અપાયું હતું. જોકે, વધારે વિગતો શનિવારે જાહેર કરાશે તેમ જણાવાયું હતું.

હજુ થોડા મહિના પહેલાં જ કમલ હાસન અને રજનીકાંત બંનેએ સંકેત આપ્યો હતો કે તેઓ એક ફિલ્મમાં સાથે સ્ક્રીન શેર કરવાના છે. રજનીકાંતની દીકરી સૌંદર્યાએ પણ તેના પિતા અને કમલહાસન સાથે ફિલ્મ કરવાના હોવાનું કહ્યું હતું.

આ બંને મેગા સ્ટાર્સ અત્યાર સુધીમાં તમિલ, તેલુગુ અને હિન્દી ભાષામાં કુલ ૨૧ ફિલ્મો સાથે કરી ચૂક્યા છે. તેમાંની કેટલીક ફિલ્મોમાં તેમણે કેમિયો કર્યો હતો.

# કાજોલને દર્શાવતું અશ્લીલ કન્ટેન્ટ દૂર કરવા હાઈકોર્ટનો આદેશ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**

દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ અભિનેત્રી કાજોલના પર્સનાલિટી રાઈટ્સનું સંરક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કાજોલને દર્શાવતાં તમામ પ્રકારનાં અશ્લીલ કન્ટેન્ટ પણ ઓનલાઈન પ્લેટફોર્મ્સ પરથી દૂર કરવાનો આદેશ અપાયો છે. એક વચગાળાની રાહત આપતા ચુકાદામાં હાઈકોર્ટે એમ પણ જણાવ્યું હતું કે ઓનલાઈન કમર્શિયલ હેતુથી કાજોલનું નામ કે તેની તસવીરો કે તેની પર્સનાલિટી સાથે સંકળાયેલી અન્ય કોઈપણ બાબતોનો ઉપયોગ કરી શકાશે નહિ. હાઈકોર્ટે જણાવ્યું હતું કે એઆઈ ટૂલ્સની મદદથી કાજોલને દર્શાવતું ડીપ ફેક કન્ટેન્ટ ન સર્જાય અને અત્યાર સુધીમાં મૂકાયેલું કન્ટેન્ટ દૂર થાય તે માટે આ આદેશો જારી કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે નજીકના ભૂતકાળમાં અનિલ કપૂર અને ઐશ્વર્યા રાય સહિત અનેક કલાકારો પોતાના પર્સનાલિટી રાઈટ્સના પ્રોટેક્શન માટે હાઈકોર્ટમાંથી આ પ્રકારની રાહત મેળવી ચૂક્યા છે.

સ્ટોરી વિશે અટકળો પણ સર્જકો તરફથી કોઈ પુષ્ટિ નહિ

# કોકટેલ ટુમાં રશ્મિકા અને ક્રિતી લેસ્બિયન કપલ હશે તેવી ચર્ચા



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**

રશ્મિકા મંદાના, ક્રિતી સેનન તથા શાહિદ કપૂરની ફિલ્મ 'કોકટેલ ટુ'ની સ્ટોરીની વિગતો ચર્ચાવા લાગી છે. એક દાવા મુજબ આ ફિલ્મમાં રશ્મિકા અને ક્રિતી સેનન લેસ્બિયન કપલની ભૂમિકામાં હશે. જ્યારે તેમના પ્રણય ત્રિકોણમાં ત્રીજાં પાત્રની ભૂમિકા શાહિદ કપૂરની હશે. જોકે, આ દાવો સાચો છે કે કે તે કન્ફર્મ નથી. ફિલ્મના સર્જકો દ્વારા આ બાબતે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ ગયા મહિને પૂર્ણ થઈ ચૂક્યું હોવાની જાહેરાત ડાયરેક્ટર હોમી અડજાણિયાએ કરી હતી. ફિલ્મની રીલિઝ ડેટ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર ઘોષણા કરાઈ નથી. જોકે, અટકળો એવી છે કે આ ફિલ્મ મોટાભાગે આગામી સપ્ટમ્બરમાં રીલિઝ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં આવેલી ફિલ્મ 'કોકટેલ' પણ પ્રણયત્રિકોણ આધારિત હતી અને તેમાં સૈફ અલી ખાન, દીપિકા પદુકોણ તથા ડાયના પેન્ટીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# જેલથી બહાર આવ્યા બાદ રાજપાલ યાદવ મનમૂકીને નાચ્યો

## રાજપાલ યાદવ ચેક બાઉન્સ કેસ મામલે લગભગ ૧૧ દિવસ દિલ્હીની તિહાર જેલમાં રહ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**

રાજપાલ યાદવ ચેક બાઉન્સ કેસ મામલે લગભગ ૧૧ દિવસ દિલ્હીની તિહાર જેલમાં રહ્યા. રાજપાલ યાવદ જેલમાં ગયા બાદ બોલિવૂડે તેમને ખૂબ સપોર્ટ કર્યો. જેમાં અનેક લોકો તેમની મદદ માટે આગળ આવ્યા. દિલ્હી હાઈકોર્ટે તેમને કરોડના લોન કેસમાં વચગાળાના જામીન આપ્યા છે. આમ, જેલથી બહાર આવ્યા બાદ રાજપાલ યાદવ મનમૂકીને નાચતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. દિલ્હી હાઈકોર્ટે ભત્રીજીના લગ્નના કારણે રાજપાલ યાદવને વચગાળાના જામીન આપ્યા છે. જેમાં ભત્રીજીના લગ્નના ફંક્શનમાં રાજપાલ ડાન્સ કરતાં હોવાનો વીડિયો વાઈરલ થયો છે. જેમાં તેઓ પોતાના પરિવાર સાથે ખુશીથી નાચી રહ્યા છે.

રાજપાલ યાદવે ભત્રીજીના લગ્નમાં સલમાન ખાનની ફિલ્મ "હેલો બ્રધર"ના ગીત "સરકી જો સર સે ધીરે ધીરે..." પર ડાન્સ કર્યો હતો. આ દરમિયાન રાજપાલ યાદવે ધોતી-કુર્તો પહેર્યો હતો. વાઈરલ વીડિયોમાં તે તેના પરિવાર સાથે ડાન્સ ફ્લોર પર ડાન્સ કરતા જોવા મળે છે. જેલમાંથી મુક્ત થયા પછી તેઓ પરિવાર સાથે ખુશીની પળ વિતાવી રહ્યા છે.રાજપાલ યાદવ જ્યારે જેલમાં હતા ત્યારે સોનુ સુદે તેમને એક ફિલ્મ ઓફર કરી હતી. જેની ફી પહેલા જ આપવાની વાત કહી હતી. આ સાથે રાજપાલ યાદવ પાસે વધુ બે ફિલ્મો છે, જેમાં 'ભૂત બંગ્લા' અને 'વેલકમ ટૂ ધ જંગલ' સામેલ છે.૨૦૧૨માં આવેલી ફિલ્મ 'અતા પતા લાપતા' રાજપાલની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ હતી.

રાજપાલે તેને બનાવવા માટે મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી ૫ કરોડ રૂપિયા ઉધાર લીધા હતા. જો કે, ફિલ્મ નિષ્ફળ ગઈ અને રાજપાલને નોંધપાત્ર નુકસાન થયું. મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે પૈસા પાછા માંગ્યા, જે રાજપાલ ચૂકવી શક્યા નહીં. મામલો કોર્ટ સુધી પહોંચ્યો.

૨૦૧૮ માં, મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે કાનૂની કાર્યવાહી કરી. રાજપાલ અને તેની પત્ની સામે કેસ દાખલ કરવામાં આવ્યો. વ્યાજ સાથે ૫ કરોડ રૂપિયાની આ રકમ વધીને ૯ કરોડ રૂપિયા થઈ ગઈ. આ કેસમાં અભિનેતાને બે વાર જેલ થઈ ચૂકી છે. ઘણી વખત મુદત લંબાવ્યા પછી, જ્યારે તે પૈસા ચૂકવી શક્યો નહીં, ત્યારે તેને આત્મસમર્પણ કરવાની ફરજ પડી હતી.



# રેલવેએ હોળી માટે ૨૧ નવી ખાસ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો

## દાનાપુર ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ સિદ્ધાર્થે ખાસ ટ્રેનોના સંચાલન અને રેલ્વેની તૈયારીઓ અંગે માહિતી આપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૧**

તહેવારોની સિઝનમાં લોકોને મુસાફરી કરવામાં ઘણી વાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જોકે, દર વર્ષે રેલવે દિવાળી, હોળી અને અન્ય ખાસ તહેવારમાં ખાસ ટ્રેનો ચલાવે છે, જે મુસાફરીની અગવડતા ઘટાડે છે. ખરેખર, ટ્રેન મુસાફરી સસ્તી અને અનુકૂળ માનવામાં આવે છે. આ જ કારણ છે કે અન્ય રાજ્યોમાં કામ કરતા હજારો લોકો તહેવારો દરમિયાન ટ્રેન દ્વારા પોતાના ઘરે પાછા ફરે છે. જોકે, ક્યારેક ટિકિટ કન્ફર્મ ન થવાને કારણે તેમને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. રેલવેએ હોળી માટે પહેલેથી જ તૈયારીઓ કરી લીધી છે. રેલવેએ ૨૧ હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે.

હોળી દરમિયાન મુસાફરી કરતા લોકોને પડતી મુશ્કેલીઓ અને વધારાની ભીડને ધ્યાનમાં રાખીને, રેલ્વે ઘણી ખાસ ટ્રેનો ચલાવી રહી છે. રેલ્વેએ પટના જંકશન અને પાટલીપુત્ર સહિત ડિવિઝનના વિવિધ સ્ટેશનોથી ૨૧ હોળી પર ખાસ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનો દેશના વિવિધ રાજ્યોમાં મુસાફરી કરશે, જેનાથી અન્ય રાજ્યોમાં કામ કરતા લોકોને ઘરે પાછા ફરવાનું સરળ બનશે.



**હોળી સ્પેશિયલ ટ્રેન વિશે માહિતી**

ટ્રેન નં. ૦૮૪૩૯ ૨૮ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી દર શનિવારે પુરી અને પટના વચ્ચે દોડશે.

ટ્રેન નં.૦૮૪૪૦ ૧ માર્ચથી ૨૯ માર્ચ સુધી દર રવિવારે પટના અને પુરી વચ્ચે દોડશે.

ટ્રેન નં. ૦૮૮૬૧ ૨ માર્ચ, સોમવારના રોજ ગોંદિયા અને પટના વચ્ચે દોડશે અને ટ્રેન નં. ૦૮૮૬૨ ૩ માર્ચ, મંગળવારના રોજ પટના અને ગોંદિયા વચ્ચે દોડશે.

ટ્રેન નં.૦૩૨૯૩ ૫ માર્ચથી ૧૫ માર્ચ, ૨૦૨૬ સુધી દરરોજ પટના અને નવી દિલ્હી વચ્ચે દોડશે.

ટ્રેન નં.૦૩૨૯૪ ૬ માર્ચથી ૧૬ માર્ચ, ૨૦૨૬ સુધી દરરોજ નવી દિલ્હી અને પટના વચ્ચે દોડશે.

ટ્રેન નં.૦૩૨૫૩ ૯ માર્ચથી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી દર સોમવાર અને બુધવારે પટના અને ચાર્લપલ્લી વચ્ચે દોડશે.

ટ્રેન નં.૦૩૨૫૪૦૩૨૫૪ ૪ માર્ચ અને પટના વચ્ચે દર બુધવારે દોડશે ૧૧ માર્ચથી ૧ એપ્રિલ, ૨૦૨૬ સુધી.

ટ્રેન નં. ૦૩૨૫૫ ૧૩ માર્ચથી ૩ એપ્રિલ, ૨૦૨૬ સુધી દર શુક્રવારે ચારલાપલ્લી અને પટના વચ્ચે દોડશે.

ટ્રેન નં.૦૨૩૯૭ ૮ માર્ચથી ૧૫ માર્ચ, ૨૦૨૬ સુધી દર રવિવારે શેખપુરા અને આનંદ વિહાર (ટર્મિનલ) વચ્ચે દોડશે. ટ્રેન નં.૦૨૩૯૮ ૯ માર્ચથી ૧૬ માર્ચ સુધી દર સોમવારે આનંદ વિહાર (ટર્મિનલ) અને શેખપુરા વચ્ચે દોડશે.

**કયા સ્ટેશનો પર ખાસ વ્યવસ્થા કરવામાં આવશે?**

દાનાપુર ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ સિદ્ધાર્થે ખાસ ટ્રેનોના સંચાલન અને રેલ્વેની તૈયારીઓ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે હોળી સ્પેશિયલ ટ્રેનોની સાથે, ડિવિઝનના મુખ્ય સ્ટેશનો, જેમાં દિલદારનગર, બક્સર, આરા, દાનાપુર, પટના, પાટલીપુત્ર, જહાનાબાદ, નવાદા, શેખપુરા, કિઉલ અને ઝાઝાનો સમાવેશ થાય છે, ત્યાં પહોંચતા રેલ મુસાફરોની સુવિધાનું પણ ધ્યાન રાખવામાં આવશે. આ હેતુ માટે, ચેકિંગ સ્ટાફ, રેલ્વે પ્રોટેક્શન ફોર્સ અને અન્ય તમામ વિભાગોના સુપરવાઈઝરોને ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

# ભારતમાં ૪ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની ફાઈનલ મતદાર યાદી જાહેર: આગામી ચૂંટણીઓ માટે મહત્વપૂર્ણ બની રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૧**

આ સૂચિ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પછી પ્રકાશિત કરવામાં આવી છે અને આગામી ચૂંટણીઓ માટે મહત્વપૂર્ણ બની રહેશે છે. આ અપડેટમાં મતદાતાઓની સંખ્યા વધેલી છે અને નવા નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે નોંધનીય છે.

**રાજસ્થાન:** રાજસ્થાનમાં કુલ ૫.૧૫ કરોડ મતદારો છે. જેમાં પુરુષ મતદાતાઓની સંખ્યા ૨,૬૯,૫૭,૮૮૧ છે, જ્યારે મહિલા મતદાતાઓની સંખ્યા ૨,૪૫,૬૧,૪૮૬ છે. ઉપરાંત રાજ્યમાં ૫૬૨ ટ્રાન્સજેન્ડર મતદારો દાખલ થયા છે. આ ફાઈનલ સૂચિ રાજ્યમાં મતદાર પંજિકરણ અને આગામી ચૂંટણી માટે આધારભૂત દસ્તાવેજ તરીકે કામ કરશે.

**છત્તીસગઢ:** છત્તીસગઢમાં કુલ ૧,૮૭,૩૦,૯૧૪ મતદારો છે. ગયા વર્ષે કરતા આ વખતે ૨,૩૪,૯૯૪ મતદાતાઓની વધારો નોંધાયો છે. આ વધારો રાજ્યમાં વસ્તી અને નવા પંજિકરણ પ્રક્રિયાનો સંકેત આપે છે. છત્તીસગઢની ફાઈનલ સૂચિ તમામ યોગ્ય મતદારોને સુનિશ્ચિત કરશે કે તેઓ આગામી ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

### આ અપડેટમાં મતદાતાઓની સંખ્યા વધેલી છે અને નવા નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે

**ગોવા:** ગોવામાં કુલ ૧૧,૮૫,૦૩૪ મતદારો છે. જેમાં પુરુષ મતદારો ૫,૭૩,૮૫૩ છે, જ્યારે મહિલા મતદારો ૬,૧૧,૧૬૮ છે. રાજ્યમાં ૧૩ ટ્રાન્સજેન્ડર મતદારોનો સમાવેશ થયો છે.

ગોવાની ફાઈનલ સૂચિ સુનિશ્ચિત કરશે કે દરેક પંજિકૃત મતદારે પોતાના હકનો ઉપયોગ કરી શકે અને ચૂંટણી પ્રક્રિયા પારદર્શક બની રહે.

**અન્ડમાન અને નિકોબાર દ્વીપસમૂહ:** અન્ડમાન અને નિકોબાર દ્વીપસમૂહની પણ ફાઈનલ મતદાર સૂચિ જાહેર કરવામાં આવી છે. આ સૂચિ ત્યાંના તમામ યોગ્ય મતદારોને પંજિકૃત કરવા અને તેમના મતાધિકાર સુનિશ્ચિત કરવા મદદરૂપ થશે.

અન્ડમાનમાં કુલ ૨,૪૬,૩૯૦ મતદારો છે જેમા પુરુષ મતદારો: ૧,૨૪,૯૧૧.

મહિલા મતદારો: ૧,૨૧,૪૭૬ અને ટ્રાન્સજેન્ડર મતદારો: ૦૩નો સમાવેશ થાય છે. આ રીતે ફાઈનલ મતદાર સૂચિ માત્ર ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવતી નથી, પરંતુ દરેક યોગ્ય નાગરિકને લોકશાહી અધિકારનો ઉપયોગ કરવાનો અવસર પણ પ્રદાન કરે છે. આગામી ચૂંટણીઓમાં તમામ મતદારો પોતાની જવાબદારીનું પાલન કરી લોકશાહી મજબૂત કરવામાં યોગદાન આપી શકે છે.

# અમરેલીની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી

## ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટે આવેલી એક મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારજનોએ હોસ્પિટલ તંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમરેલી,તા.૨૧:** અમરેલીની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટે આવેલી એક મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારજનોએ હોસ્પિટલ તંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા છે. ઘટનાને પગલે હોસ્પિટલ સામે રોષ જોવા મળ્યો હતો.

બોટાદ જિલ્લાના ટાટમ ગામના વતની ભનીબેન મણદુરિયા નામના મહિલાને ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, ઓપરેશન બાદ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. પરિવારનો આરોપ છે કે તબીબોની બેદરકારીને કારણે ભનીબેનનું મોત નીપજ્યું છે.

ઘટનાની જાણ થતા જ કોંગ્રેસના નેતા જેનીબેન ઠુમ્મર સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેમણે પરિવાર સાથે મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી અને આ મામલે ન્યાયિક તપાસની માંગ કરી હતી.હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા પરિવારને ખાતરી આપવામાં આવી છે કે આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવશે. પી.એમ. રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. જો કોઈની બેદરકારી જણાશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલ મોતનું સચોટ કારણ જાણવા માટે મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે ભાવનગર ખસેડવામાં આવ્યો છે.

# કેશોદમાં ધોળા દિવસે છરી બતાવી નશાખોર શખ્સોએ યુવકને લૂંટ્યો

## પીપલિયાનગરમાં આરોપીઓએ યુવક પાસેથી કુલ રૂપિયા ૮,૯૦૦ ની રોકડ રકમની લૂંટ ચલાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **જૂનાગઢ,તા.૨૧:** કેશોદના પીપલિયાનગર વિસ્તારમાં મીત શિંગાળા નામના યુવકને નિશાન બનાવી લૂંટારુઓએ હુમલો કર્યો હતો. કાળી કારમાં સવાર થઈને આવેલા ત્રણ શખ્સોએ ધોકા, પાઈપ અને છરી જેવા તીક્ષ્ણ હથિયારો બતાવી યુવકને ભયમાં મૂકી દીધો હતો. આરોપીઓએ યુવક પાસેથી કુલ રૂપિયા ૮,૯૦૦ ની રોકડ રકમની લૂંટ ચલાવી હતી.ભોગ બનનાર અને સ્થાનિકોના જણાવ્યા મુજબ, હુમલો કરનાર ત્રણેય શખ્સો નશાની હાલતમાં હતા અને રસ્તા પર આતંક મચાવી રહ્યા હતા. આ શખ્સો માત્ર લૂંટ જ નહીં, પરંતુ અગાઉ છેડતી અને અકસ્માત જેવી ઘટનાઓમાં પણ સંડોવાયેલા હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે. ઘટનાને પગલે કેશોદ પોલીસે તાત્કાલિક અસરથી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ત્રણ શખ્સો વિરુદ્ધ લૂંટ અને હુમલાની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે કાળી કારના નંબર અને આરોપીઓની ઓળખ કરવા માટે વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. નશાખોર લૂંટારુઓને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી દરોડા પાડવાનું શરૂ કર્યું છે. શહેરના રહેણાંક વિસ્તારમાં આ પ્રકારે હથિયારો સાથે લૂંટ થતા લોકોમાં ભયનો માહોલ છે. પોલીસ આ શખ્સોને વહેલી તકે પકડી પાડે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

# મુંબઈમાં ફરી દોડશે મોનોરેલ:૧૯.૫૪ કિ.મી. લાંબા કોરિડોરનું નિરીક્ષણ: પેસેન્જરોને આધુનિક સુવિધાનો મળશે લાભ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ,તા.૨૧**

મુંબઈવાસીઓની રાહ આખરે પૂરી થઈ ગઈ છે. નવી, સુરક્ષિત, સ્માર્ટ અને ઝડપી મોનોરેલ સેવા ટૂંક સમયમાં ફરી કાર્યરત થવાની તૈયારીમાં છે. અપડેટેડ મોનોરેલને તેના નવા રોલિંગ સ્ટોક અને CBTC-આધારિત સિગ્નલિંગ સિસ્ટમ માટે જરૂરી સુરક્ષા સર્ટી મેળવી લીધું છે. આ સલામતી પ્રમાણપત્ર બ્યુરો વેરિટાસ દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું, જે એક વૈશ્વિક પરીક્ષણ અને નિરીક્ષણ સંસ્થા છે, જે સ્વતંત્ર સલામતી મૂલ્યાંકનકાર તરીકે કાર્ય કરે છે. આ સિદ્ધિને જાહેર ઉપયોગ માટે મોનોરેલ સેવા ફરી શરૂ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.આગામી તબક્કામાં સમગ્ર ૧૯.૫૪ કિલોમીટર લાંબા મોનોરેલ કોરિડોરનું વ્યાપક નિરીક્ષણ કરવામાં આવશે. આ માટે નિવૃત્ત મેટ્રો રેલ્વે સેફ્ટી કમિશનરની નિમણૂક કરવામાં આવશે, જે અંતિમ વૈધાનિક મંજૂરી આપશે. આ પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, ત્યારબાદ નવી અને આધુનિક મોનોરેલ ફરી એકવાર મુંબઈકરોની સેવામાં દોડતી જોઈ શકાશે.



નવી મોનોરેલ ટ્રેનો ૨૧ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે. આમાં દરેક કોચમાં CCTV કેમેરા, દિવ્યોગ માટે કમ્ફર્ટ સીટ, મોબાઈલ અને લેપટોપ ચાર્જિંગ પોઈન્ટ, ગતિશીલ રૂટ નકશા, સુધારેલ સસ્પેન્શન સિસ્ટમ, અગ્નિ સલામતી ધોરણોનું કડક પાલન, આધુનિક મેટ્રો-શૈલીનું આંતરિક ભાગ અને રીઅલ-ટાઈમ મોનિટરિંગ અને સર્વેલન્સ સિસ્ટમનો સમાવેશ થાય છે.વહીવટીતંત્રે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, મુંબઈકરોને ટૂંક સમયમાં સુરક્ષિત, વિશ્વસનીય અને અત્યાધુનિક મોનોરેલ સેવા પૂરી પાડવામાં આવશે.

# રાજધાની દિલ્હીમાં એ.આઈ. સમિટમાં કોંગ્રેસના હોબાળાને લઈને ભાજપનો હલ્લાબોલ

## ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલા આંતરરાષ્ટ્રીય એ.આઈ. સમિટ દરમિયાન કેટલાક યુવા કોંગ્રેસના કાર્યકરોએ બેરોજગારીનો કિર્યો હતો વરોધ :આ મામલે ૪ યુથ કોંગ્રેસના કાર્યકરોને પટિયાલા કોર્ટમાં રજૂ કરાયા હતા જ્યાં પોલીસે પોલીસે ૫ દિવસના રિમાન્ડ માગ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૧**

દિલ્હીમાં ચાલી રહેલી એ.આઈ. સમિટમાં યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. જેને લઈને ભાજપ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ મામલે ૪ યુથ કોંગ્રેસના કાર્યકરોને પટિયાલા કોર્ટમાં રજૂ કરાયા હતા.જયાં પોલીસે પોલીસે ૫ દિવસના રિમાન્ડ માગ્યા છે.

રાજધાની દિલ્હીમાં રાજકીય તણાવ વધી રહ્યો છે. ગઈકાલે ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભારતીય યુવા કોંગ્રેસના વિરોધ માટે દિલ્હી ભાજપે કોંગ્રેસ પાર્ટી સામે વિરોધ પ્રદર્શન કર્યું. વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા ભાજપના નેતાઓએ આરોપ લગાવ્યો કે જયારે દુનિયા ભારતની ટેકનોલોજીકલ કુશળતા અને એ.આઈ. ક્ષેત્રમાં વધતી જતી નેતૃત્વની સાક્ષી બની રહી છે, ત્યારે કોંગ્રેસ પાર્ટીએ વૈશ્વિક મંચ પર દેશને શરમજનક બનાવવાનો પ્રયાસ કર્યો છે.

વિરોધ પ્રદર્શનકારોએ જણાવ્યું હતું કે કોંગ્રેસનો આ વિરોધ માત્ર સંયોગ નથી, પરંતુ એક યુક્તિ છે. રાહુલ ગાંધીના ઘરે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠાને ખરાબ કરવા માટે આ સ્ક્રિપ્ટ લખવામાં આવી હતી.ભાજપે મહેમાનો સામે દેશની છબી ખરાબ કરી હોવાનો આરોપ લગાવ્યો છે. જેને લઈને ભાજપ યુવા મોરચા દ્વારા વિરોધ કરવામાં આવ્યો.

ભાજપ પ્રદેશ પ્રમુખ વીરેન્દ્ર સચદેવા કોંગ્રેસ વિરુદ્ધ આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહ્યા છે. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરોએ પ્રદર્શનમાં ભાગ લીધો અને સૂત્રોચ્ચાર કર્યા. ત્યારબાદ પોલીસે ભાજપના પ્રદેશ પ્રમુખ વીરેન્દ્ર સચદેવની અટકાયત કરી.

ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલા આંતરરાષ્ટ્રીય એ.આઈ. સમિટ દરમિયાન, કેટલાક યુવા કોંગ્રેસના કાર્યકરો સુરક્ષા તોડીને અંદર ઘૂસી ગયા, પોતાના શર્ટ ઉતારીને બેરોજગારીનો વિરોધ કર્યો. ભાજપનો દાવો છે કે સમગ્ર ઘટના પૂર્વ-આયોજિત હતી અને વિપક્ષ ભારતની આર્થિક અને તકનીકી પ્રગતિને પચાવી શકતો નથી.!

ત્યારે એ પ્રશ્ન પણ થાય છે કે, શું ભાજપ દ્વારા જે પણ કરવામાં આવી રહ્યું છે તે બધું સારું જ કરવામાં આવી રહ્યું છે?

# વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં ગિફ્ટ શોપના વેપારીની આંખમાં મરચાની ભૂકી નાખી રૂા.૧૦ લાખની લૂંટમાં આરોપીના જામીનના મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વડોદરા,તા.૨૧**

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં ગિફ્ટ શોપ સંચાલક વેપારીની આંખમાં મરચાની ભૂકી નાખી રૂ. ૧૦ લાખની લૂંટના કેસમાં સંડોવાયેલ આરોપીની રેગ્યુલર જામીન અરજી અદાલતે નામંજૂર કરવાનો હુકમ કર્યો છે.

ફરિયાદી લીલારામ રેવાણી ગઈ તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાની કાર લઈને કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલ પાસે આવેલી પોતાની ગિફ્ટ શોપથી પરત ઘરે પહોંચ્યા હતા. કારમાંથી ઉતરવા જતા હતા તે વખતે, એક મોપેડ અને એક બાઈક પર આશરે ૨૫ થી ૩૦ વર્ષના શખ્સો મોઢા ઉપર કાળા કપડા બાંધી ઘસી આવ્યા હતા. અને ફરિયાદીની આંખમાં મરચાની ભૂકી નાખી કારમાં પાછળ રાખેલ બેગ લઈ નાસી છૂટ્યા હતા. બેગમાં દુકાનના વકરાના રોકડા રૂપિયા ૧૦ લાખ હતા. આ ગુનામાં સંડોવાયેલ આરોપી હિરેન મિનેષભાઈ વસાવા રહે -અમુલ ડેરીની સામે ,આણંદ/ મૂળ રહે - અંકલેશ્વર) સામે વારસિયા પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ (ભારતીય ન્યાય સંહિતા) લૂંટ, ષડયંત્ર સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

આરોપીએ જામીન મુક્ત થવા ચોથા એડિ. સેશન્સ જજ મોબીન અબ્દુલરસીદ ટેલરની કોર્ટમાં અરજી રજૂ કરતા સુનાવણી હાથ ધરાઈ હતી.

બચાવ પક્ષના વકીલે દલીલો કરી હતી કે, આરોપીની અટક કરી રિમાન્ડ લીધા છે. ફરિયાદી સામે એ.ડી.નો ગુનો નોંધાયો છે. આરોપીને પરેશાન કરવા ખોટી રીતે સંડોવી દીધા છે. આરોપીનો ગુનાહિત ઈતિહાસ નથી હાલનો પ્રથમ ગુનો છે. મુદ્દામાલ રિકવર થઈ ગયો છે. મોટાભાગની તપાસ પૂર્ણ થઈ છે . આરોપીની કસ્ટોડિયલ ઈન્ટ્રોગ્રેશનની ની જરૂર નથી. અરજદાર તપાસમાં સહકાર આપશે નિયમિત કોર્ટમાં હાજર રહેશે અને શરતોનું ચુસ્તપણે પાલન કરશે. આરોપીને જામીનમુક્ત કરવા જોઈએ.

### શખ્સો મોઢા ઉપર કાળા કપડા બાંધી ઘસી આવ્યા હતા:હાલના તબક્કે અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવા ન્યાયોચિત જણાતું નથી

સરકાર તરફે ધારાશાસ્ત્રી ડીજીપી અનિલ એમ. દેસાઈએ દલીલો કરી હતી. સરકારી વકીલે તપાસ અધિકારીના સોગંદનામાં ઉપર આધાર રાખી મુખ્યત્વે દલીલ કરી છે કે, આરોપીએ પ્રિ પ્લાનથી લૂંટ કરી બનાવને અંજામ આપ્યો છે. અરજદાર /આરોપી હિરેને , વિનોદ અને અનિલ ના કહેવાથી રૂપિયા ભરેલી બેગ પોતાની પાસે રાખેલ. કારેલીબાગ ભૂતડી જાપા ખાતે રિક્ષામાંથી ઊતરી બેગ લઈને જતો હતો તે દરમિયાન લૂંટના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડ્યો હતો. અલગ - અલગ દેશની રૂ.૨,૩૦, ૫૨,૯૩૧ની ચલણી નોટો મળી આવી છે. તપાસ હજુ ચાલુ છે. આરોપીનો ગુનામાં લૂંટની રકમ લઈ જવામાં મુખ્ય રોલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ કાયદાની જોગવાઈઓ જોતા જામીન અરજી રદ કરવી જોઈએ.

કોર્ટે રજૂ કરેલ દસ્તાવેજો, પોલીસ તપાસના પેપર્સનો અભ્યાસ કરતા તથા બંને પક્ષોની દલીલો ધ્યાને લેતા નોંધ્યું હતું કે, આરોપીએ ગુનાહિત કાવતરું રચીને લૂંટ કરવાના બદઈરાદા સાથે ધાડ પાડી ગુનો કર્યો છે.

અરજદાર આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ સગીર ભેગા મળી આણંદથી આરોપી અતુલની બાઈક પર અગાઉ ઘડેલ પ્લાનિંગ મુજબ ગુનાને અંજામ આપવા વડોદરા આવ્યા હતા. વાહનની ઓળખ ન થઈ જાય તે માટે નંબર પ્લેટ કાઢી નાખી હતી. અરજદાર સમગ્ર પ્લાનના માસ્ટરમાઈન્ડ હોઈ, ગુનો આચરવામાં મહત્વની ભૂમિકા ભજવેલ હોય, જેથી આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય છે. ગુના ની તપાસ હજી નાજુક તબક્કામાં હોઈ તેમજ અન્ય આરોપીઓને પકડવાના બાકી હોઈ આરોપીને જામીન આપવાથી તપાસ અધુરી રહેશે. હાલના આરોપી અન્ય આરોપીઓને ઓળખતા હોય જેથી તેઓની તપાસના કામે કસ્ટોડિયલ ઈન્ટરોગેશનની જરૂર છે. ગુનામાં સજાની જોગવાઈ જોઈએ તો મહત્તમ આજીવન /૧૦ વર્ષની કેદની સજાને પાત્ર ગંભીર પ્રકારનો ગુનો છે. હાલના તબક્કે અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવા ન્યાયોચિત જણાતું નથી.

આમ, ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, આરોપીનો રોલ, તપાસનો નાજુક તબક્કો વિગેરે તમામ પરિબળો ધ્યાને લેતા અરજદાર /આરોપીના જામીન નામંજૂર કર્યા છે.

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# બેન્કો, સરકારી સંસ્થાઓએ યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરી નહીં હોય તો ૧૦ હજારનો દંડ, જિલ્લાના કલેક્ટરને સત્તા અપાઈ

## સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી દ્વારા મહેસૂલ વિભાગના ૨૦૨૬ના જાહેરનામાના અનુસંધાને આ સૂચના જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૧**

મહેસૂલ વિભાગ દ્વારા સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્ય સહિતની અર્ધસરકારી સંસ્થાઓ, બેન્કો, નોન બેન્કીંગ ફાયનાન્સિયલ કોર્પોરેશન વિગેરેને પોતાના હક હોય તેવા દસ્તાવેજમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરાયેલી છે કે નહીં તેની ચકાસણી કરવા સૂચના આપ્યા બાદ દસ્તાવેજ મુજબ યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરી નહીં હોય તો જે તે સંસ્થા પાસેથી ૧૦ હજાર રૂપિયાનો દંડ વસૂલવાનું જાહેર કર્યું છે. સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી દ્વારા મહેસૂલ વિભાગના ૨૦૨૬ના જાહેરનામાના અનુસંધાને આ સૂચના જારી કરી છે. અગાઉ ૨




ફેબ્રુઆરીના જાહેરનામામાં સરકારી કચેરીઓ, અર્ધસરકારી સંસ્થાઓ સહિતના બોર્ડ-નિગમ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, ખાનગી, સહકારી અને સરકારી બેન્કો, નોન બેન્કીંગ ફાયનાન્સિયલ કોર્પોરેશન વિગેરેએ પોતાના હક હોય તેવા દસ્તાવેજમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરાયેલી છે કે નહીં તેની ખાતરી કરવી પડશે તેમ જાહેર કર્યું હતું. આ માટે સંબંધિત સંસ્થાઓને સક્ષમ અધિકારીની નિમણૂક કરવા પણ જણાવ્યું હતું. તે પછી ૧૯ ફેબ્રુઆરીએ તે સંદર્ભે નવી સૂચના જાહેર કરતા જણાવ્યું છે કે દસ્તાવેજ ઉપર ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યૂટીની જવાબદારી જે તે સંસ્થાની નક્કી કરી તેની જોગવાઈનું પાલન કરવામાં ચૂક બદલ દંડ કરવાની સત્તા છે. એટલે જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જાય તેવા કિસ્સામાં દસ્તાવેજની મિલકત જે જિલ્લામાં હશે તે જિલ્લાના કલેક્ટર દ્વારા ૧૦ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં જે તે સંસ્થાને ફટકારવામાં આવશે. સ્ટેમ્પ્સ કચેરી દ્વારા નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યૂટી તંત્રની કચેરીઓને જિલ્લાની તમામ સરકારી, સહકારી અને ખાનગી બેન્કો અને જે તે સંસ્થા-કચેરીમાં દસ્તાવેજ રજૂ થતા હોય તે તમામને પણ મહેસૂલ વિભાગનું જાહેરનામુ મોકલી આપવા જણાવાયું છે. તે ઉપરાંત નગરપાલિકાની તમામ કચેરીના પ્રાદેશિક કમિશનરો, વીજ કંપનીઓ, પ્રવાસન નિગમ, જીએનએફસી, જીએસએફસી, એસટી નિગમ, ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ સહિત અનેક સરકારી સંસ્થાઓ અન્ય બોર્ડ-નિગમ વિગેરેને પણ કચેરી દ્વારા નકલ રવાના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જે-તે સંસ્થાઓને બીજા વર્ગના અધિકારીને દસ્તાવેજ પર સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવાઈ હોવાની ખરાઈ કરવા માટે નિયુક્ત કરવા સૂચના આપેલી છે.

---

**શ્રમ વિભાગની તપાસ બાદ ૧૯ ફેક્ટરી સામે કેસ**

# શ્રમ કાયદાઓમાં સુધારા છતાં લઘુતમ વેતન ચૂકવાતું નહીં હોવાની ફરિયાદો

## ૨૦૨૫માં કરાયેલી ફરિયાદમાં ૫ ફેક્ટરીમાં તપાસ બાદ તફાવતની ૧.૪૧ લાખની રકમ શ્રમયોગીઓને ચૂકવવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૧**

રાજ્ય સરકાર શ્રમ કાયદાઓમાં સુધારા કરે છે અને કામના કલાકો વધારવા સહિતના કાયદા પસાર કરી રહી છે પરંતુ કામદારો-શ્રમિકોને લઘુતમ વેતન મળતું નહીં હોવાના સેંકડો કિસ્સા છતાં ગણતરીની ફરિયાદો જ તંત્ર સુધી પહોંચે છે. વિધાનસભામાં અમદાવાદમાં છેલ્લા બે વર્ષમાં ૫૪ ફરિયાદો મળી હોવાની માહિતી અપાઈ છે. વિધાનસભા ગૃહમાં તારાંકિત પ્રશ્નોતરીમાં કોંગ્રેસના અમૃતજી ઠાકોરે ફેક્ટરીઓમાં લઘુતમ વેતન મુજબ કામદારોને મહેનતાણું નહીં ચૂકવાતા હોવાના મુદ્દે સવાલ પૂછ્યો હતો. તેના લેખિત જવાબમાં શ્રમ અને રોજગાર વિભાગે જણાવ્યું હતું કે ૨૦૨૪માં અમદાવાદમાં ૨૨ ફરિયાદ અને ૨૦૨૫માં ૩૨ ફરિયાદો ફેક્ટરી વિરુદ્ધ મળી હતી. તે પછી તંત્ર દ્વારા ફેક્ટરીમાં નિરીક્ષણ કરાયું હતું. ૨૦૨૪માં એક ફેક્ટરીમાં ૪ શ્રમયોગીઓને પગાર તફાવતની ૨૭ હજાર રૂપિયાની રકમ ચૂકવવા આદેશ અપાતા તે અપાઈ હતી. ૧૦ ફરિયાદમાં ફેક્ટરીમાં નિરીક્ષણ દરમિયાન તેમની સામેની તપાસ નોંધની પૂર્તતા ન કરાતા ફેક્ટરીઓ વિરુદ્ધ લઘુતમ વેતન અધિનિયમ મુજબ લેબર કોર્ટમાં કુલ ૧૦ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. બે ફેક્ટરી દ્વારા શ્રમયોગીઓ સાથે સમાધાન કરીને લઘુતમ વેતન મુજબ પગાર તફાવતનું ૭૮ હજાર રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું હતું. ૨૦૨૫માં કરાયેલી ફરિયાદમાં ૫ ફેક્ટરીમાં તપાસ બાદ તફાવતની ૧.૪૧ લાખની રકમ શ્રમયોગીઓને ચૂકવવામાં આવી હતી. ૯ ફેક્ટરીઓએ તપાસ નોંધની પૂર્તતા ન કરાતા તેમની સામે લેબર કોર્ટમાં કેસ કરાયો હતો. તપાસમાં કેટલીક ફેક્ટરીઓ દ્વારા નિયમ પ્રમાણે લઘુતમ વેતન ચૂકવાતું હોવાનું કે તેનાથી પણ વધુ ચૂકવાતું હોવાનું જણાયું હતું.

---

**૧૬ નવી સરકારી કોલેજો બનશે**

# ગુજરાતમાં આર્ટ્સ, સાયન્સ, કોમર્સની 3000 જેટલી બેઠકો વધશે

## ૧૬ નવી કોલેજોમાંથી ૮ કોલેજો આદિજાતિ વિસ્તારોમાં અને ૮ કોલેજો બિન-આદિજાતિ વિસ્તારોમાં શરૂ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૧**

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રાજ્યમાં ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવાની અને ૮ હયાત કોલેજોમાં નવા શૈક્ષણિક પ્રવાહો ઉમેરવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારના આ પગલાથી આગામી શૈક્ષણિક વર્ષમાં આર્ટ્સ, સાયન્સ, કોમર્સ અને લૉમાં કુલ 3000થી વધુ નવી સરકારી બેઠકો ઉપલબ્ધ થશે, જેનો સીધો લાભ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને મળશે. આ આયોજન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શિક્ષણ માળખામાં પણ વધારો થશે. અમદાવાદના હાથીજણ વિસ્તારમાં એક સંપૂર્ણ નવી સરકારી કોલેજ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, માંડલની સરકારી કોલેજમાં નવો કોમર્સ પ્રવાહ શરૂ કરવામાં આવશે. આમ, અમદાવાદ જિલ્લાને એક નવી કોલેજ અને એક નવા પ્રવાહ સાથે કુલ બે કોલેજોની સુવિધા મળશે. સરકારના આયોજન મુજબ, ૧૬ નવી કોલેજોમાંથી ૮ કોલેજો આદિજાતિ વિસ્તારોમાં અને ૮ કોલેજો બિન-આદિજાતિ વિસ્તારોમાં શરૂ કરવામાં આવશે. હાલમાં આ કોલેજો અન્ય સરકારી બિલ્ડિંગો અથવા શાળાઓના સંકુલમાં શરૂ કરવાનું આયોજન છે. નવી ૧૬ કોલેજોને કારણે આશરે ૨૦૦૦ બેઠકો અને હયાત ૮ કોલેજોમાં નવા પ્રવાહો શરૂ થવાથી બીજી ૧૦૦૦ બેઠકોનો વધારો થશે.

---

# ગુજરાતી અભિનેત્રીએ વેશ્યાવૃત્તિને 'સમાજ સેવા' ગણાવતાં વિરોધ

## ખોડલધામના ટ્રસ્ટીએ મહિલાઓની માફી માંગવા માગણી કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ, તા.૨૧**

રાજકોટમાં ફિલ્મના પ્રમોશન અર્થે આવેલી ગુજરાતી અભિનેત્રીના નિવેદનને પગલે મોટો વિવાદ ઊભો થયો છે. મોના થીબાએ વેશ્યાવૃત્તિને સમાજ સેવાનો એક પ્રકાર ગણાવતા તેની આકરી ટીકા થઈ રહી છે. ખાસ કરીને ખોડલધામના મહિલા ટ્રસ્ટીએ આ ટિપ્પણી સામે સખત વાંધો ઉઠાવતા જણાવ્યું છે કે, ફિલ્મ પ્રમોશન માટે મહિલાઓનું અપમાન કરવું યોગ્ય નથી. અભિનેત્રી મોના થિબા કનોડિયાએ મીડિયાને જણાવ્યું હતું કે, સમાજને એક મેસેજ છે કે વેશ્યાવૃત્તિ જે સ્ત્રીઓ કરે છે એ પણ સમાજની એક સેવા છે. આ નિવેદન સામે ખોડલધામના મહિલા ટ્રસ્ટીએ વિરોધ નોંધાવતા મીડિયાને જણાવ્યું હતું કે, મોના થિબાનું આ નિવેદન અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેઓ એક પ્રતિષ્ઠિત અને જાહેર જીવન સાથે સંકળાયેલા પરિવારમાંથી આવે છે, ત્યારે એક મહિલા તરીકે આવું નિવેદન આપતા તેમને શરમાવું જોઈએ. ફિલ્મના પ્રમોશન માટે મહિલાઓનું અપમાન ન કરવું જોઈએ. અનેક સામાજિક સંસ્થાઓ અને NGO આવી મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કરી રહ્યા છે, ત્યારે આ નિવેદન બદલ અભિનેત્રીએ માફી માંગવી જોઈએ. બીજી તરફ, ફિલ્મના ડિરેક્ટર ભાવિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વિરોધ થયા બાદ ફિલ્મમાંથી ગુજરાતના એ ગામડાનું નામ હટાવી દીધું છે.

---

# સુરતમાં લગ્નપ્રસંગમાં જ બદલો લેવા જાહેરમાં ફાયરિંગ, એક ઘાયલ

## ભાઈની હત્યાનો બદલો લેવા બંદૂક કાઢી લોડ કરીને સીધું ફાયરિંગ કર્યુ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૨૧**

સુરતના લિંબાયત વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક પરિવારમાં હલ્દીનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે જૂની અદાવતમાં લોહિયાળ ખેલ ખેલાયો હતો. યોગેશ મારવાડીના દીકરાના લગ્ન પ્રસંગમાં આવેલા અજય ઉર્ફે પિન્ટુ ગિરાસે પર હુમલાખોર જયેશ પાટીલ અને સુરજ ભવાનીએ જાહેરમાં ફાયરિંગ કર્યું હતું. આ હુમલા પાછળનું મુખ્ય કારણ જયેશ પાટીલના ભાઈની થયેલી હત્યાની અદાવત સામે આવી છે. જયેશનો આરોપ છે કે યોગેશ મારવાડીના માણસોએ તેના ભાઈની હત્યા કરી હતી, જેનું વેર વાળવા તે હથિયાર સાથે સીધો લગ્ન મંડપમાં પહોંચી ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક વિગતો મુજબ, હુમલાખોર જયેશ પાટીલનો આરોપ છે કે યોગેશ મારવાડીના માણસોએ તેના ભાઈની હત્યા કરી હતી. આ જ હત્યાની અદાવત રાખી તે તેના મિત્ર સુરજ ભવાની સાથે બંદૂક લઈને લગ્ન મંડપ પર પહોંચ્યો હતો. તેઓ યોગેશ મારવાડીના દીકરા રાહુલના લગ્ન પ્રસંગમાં વિઘ્ન નાખવા અને વેર વાળવા માટે આવ્યા હતા. ભોગ બનનાર અજય ઉર્ફે પિન્ટુ ગિરાસે જ્યારે તેના મિત્ર કલ્પેશ સાથે મોપેડ પર સવાર થઈને યોગેશ મારવાડીને મળવા મંડપના ગેટ પાસે પહોંચ્યો, ત્યારે ત્યાં પહેલેથી જ હાજર જયેશ પાટીલ અને સુરજ ઉર્ફે બવન્ડર તેની પાસે આવ્યા હતા. જયેશે "તુમ ઈધર ક્યું આયે?" કહીને પિન્ટુને લાફો માર્યો હતો અને ગાળાગાળી કરી હતી. ઉશ્કેરાયેલા જયેશે કમરમાંથી બંદૂક કાઢી લોડ કરીને પિન્ટુ પર સીધું ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં પિન્ટુને જમણા પગના ભાગે ગોળી વાગતા તે લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો. હાલમાં ઈજાગ્રસ્ત પિન્ટુને તાત્કાલિક યુનિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં ડોક્ટરોએ તેના પગનું ઓપરેશન કરીને ગોળી બહાર કાઢવાની તજવીજ હાથ ધરી છે. ચોંકાવનારી બાબત એ છે કે આ ફાયરિંગની ઘટના શાંતિનગર પોલીસ ચોકીની બિલકુલ નજીક આવેલી ગલીમાં બની હતી. પોલીસની હાજરી હોવા છતાં ગુનેગારોએ જે રીતે બેખોફ બનીને જાહેરમાં ગોળીબાર કર્યો હતો. ફાયરિંગ કર્યા બાદ બંને હુમલાખોરો મોટરસાયકલ પર સવાર થઈને અંધારાનો લાભ લઈ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

---

**૯૭ નામો કાઢી નખાતા વિવાદ છંછેડાયો**

# કેવડિયામાં કોંગ્રેસ પ્રમુખના પરિવારના નામ મતદાર યાદીમાંથી ગાયબ

## આ મામલે કોંગ્રેસ દ્વારા ઉચ્ચ સ્તરે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છે અને વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નર્મદા,તા.૨૧**

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂર્ણ થઈ છે. ગત ૧૭ ફેબ્રુઆરીના રોજ આખરી મતદાર યાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેવામાં નર્મદામાંથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખના પરિવારના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ જતાં વિરોધનો સૂર છેડાયો છે. નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ તડવીના પત્ની (માજી મહિલા મોરચા પ્રમુખ), માતા, કાકાઓ અને અન્ય પરિવારજનોના નામ મતદાર યાદીમાંથી કમી કરાયા છે.

ફાઈનલ મતદાર યાદી જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જોતાં તેમાંથી નામ ગુમ છે, જે બાદ કોંગ્રેસ નેતાએ આરોપ કર્યો છે કે સરકાર જાણી જોઈને કોંગ્રેસ સમર્થકો અને નેતાઓના નામો ટાર્ગેટ કરીને કાઢી રહી છે. આ મામલે કોંગ્રેસ દ્વારા ઉચ્ચ સ્તરે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છે અને વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે.

નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ તડવીએ સમગ્ર મામલે કહ્યું કે, 'મારા ગામ સાંઢીયામાંથી ૯૭ નામ મતદારયાદીમાંથી નીકળી ગયા છે, ૫૯૮નું વોટિંગ છે જેમાંથી ૯૭ નામ કમી થઈ ગયા છે. એમાં મારા માતા રમીલાબેન દિનેશભાઈ તડવી, આ ઉપરાંત મારી પત્નીનું નામ પણ નથી, મારા કાકા અને ભત્રીજા અને અન્ય ભાઈઓ મળીને કુલ મારા જ પરિવારમાંથી ૨૫ નામ નીકળી ગયા છે. તો રાહુલ ગાંધી કહે છે તેમ વોટચોરી છે. અમારા ગામ અને મારા પરિવારમાંથી કોંગ્રેસને વોટ આપે છે તેવા ૨૫ નામ નીકળી ગયા છે. તો નાનું મોટું ઈલેક્શન હોય જિલ્લા કે તાલુકાનું જો આમ જ દરેક ગામથી ૫૦ વોટ નીકળી જાય તો હજાર જેટલા વોટ સીધા કોંગ્રેસના જ કપાઈ જાય જેનો સીધો જ ભાજપને ફાયદો થાય'

'મેં મારુ અને પરિવારના ફોર્મ BLO પાસે ભર્યા છે, તેના પુરાવા પણ છે તેમ છતાં અમારા નામ કાઢી નાખ્યા છે, મારુ ટૂંકમાં કહેવું છે કે કેમ ફક્ત કોંગ્રેસના વોટ જ કાઢી નાખવામાં આવ્યા, અધિકારીને વાત કરી તો એમને BLO પર બધુ ઢોળી દીધુ, BLOનું તો ખાલી નામ છે, સરકાર જ આ બધુ કરે છે. સરકાર તરફથી જ આ લોકો અમારા જેવા કોંગ્રેસીઓના નામ કાઢી નાખે છે. અમે આ બાબતે સોમવાર સુધીમાં આવેદનપત્ર આપીશું, કલેકટરને પણ મળીશું'ગુજરાત સમાચાર દ્વારા જ્યારે અધિકારીને સમગ્ર બાબતે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે બોલવાનું ટાળ્યું છે. જેથી એ વાત સ્પષ્ટ થાય છે કે ક્યાંકને ક્યાંક નર્મદા જિલ્લામાં SIRની કામગીરીમાં કચાશ રહી છે.

મહત્વનું વાત એ છે કે ફાઈનલ મતદાર યાદી જાહેર થઈ તેમાં ૪,૩૯,૩૭૯ લાખ મતદારો નોંધાયા છે. તેમજ ૫,૭૯૭ નવા મતદારોના નામ યાદીમાં ઉમેરવામાં આવ્યા છે તો ૯૭૧ મતદારોના નામ વિવિધ કારણોસર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. જિલ્લામાં કુલ ૪,૮૨૬ મતદારોનો ચોખ્ખો વધારો થયો છે. તેવામાં પ્રશ્ન એ છે કે જિલ્લામાં ૯૭૧ મતદારોના નામ કમી થયા છે તેમાંથી સાંઢીયા ગામમાંથી ૯૭ નામ મતદારયાદીમાંથી નીકળી ગયા છે, તો શું આ BLO ની ભૂલ છે કે પછી કોંગ્રેસ નેતાના દાવા પ્રમાણે જાણી જોઈને કાઢી નાખવામાં આવ્યા છે?

---

# વડોદરા: વિધર્મી યુવકે હિન્દુ યુવતીને ધમકી આપી

## યુવક સાથે મિત્રતા થયા બાદ યુવતીને પ્રેમ રાખવા માટે દબાણ કરી મરી જવાની ધમકી આપતા આખરે યુવતીએ પોલીસ ફરિયાદ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વડોદરા,તા.૨૧**

ઈન્સ્ટાગ્રામ ઉપર એક વિધર્મી યુવક સાથે મિત્રતા થયા બાદ યુવતીને પ્રેમ રાખવા માટે દબાણ કરી મરી જવાની ધમકી આપતા આખરે યુવતીએ પોલીસ ફરિયાદ કરી છે.

શહેરના ગોત્રી વિસ્તારમાં ખાનગી નોકરી કરતી યુવતીએ પોલીસને કહ્યું છે કે, સોશિયલ મીડિયા ઉપર મેં મહમદ કેફ નામના યુવકની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારતા અમારી વચ્ચે વાતચીત થઈ હતી. યુવકે મને પ્રપોઝ કરતા અમે કમાટીબાગમાં મળ્યા હતા અને ત્યારબાદ મોબાઈલની આપ-લે કરી અવારનવાર કેફે તેમજ અન્ય સ્થળે મળતા હતા.

જોકે લગ્ન બાબતે અમે બંને અમારા પરિવારજનોને વાતચીત કરતા બંનેના પરિવારે જુદા ધર્મ હોવાથી ઈનકાર કર્યો હતો. જેથી મોહમ્મદ કેફે તેની જ્ઞાતિમાં લગ્ન કરી લીધા હતા.

લગ્નના એક સપ્તાહ બાદ યુવકે મારો સંપર્ક કરતા મેં તેને સંબંધ રાખવાનો ઈનકાર કર્યો હતો અને સોશિયલ મીડિયા પર પણ તેને બ્લોક કરી દીધો હતો. આમ છતાં તે મને અવારનવાર મળવાનો આગ્રહ રાખતો હતો અને હું મારી પત્ની સાથે ખુશ નથી તેમ કહી ભાગી જવા માટે દબાણ કરતો હતો.

યુવતીએ પોલીસને કહ્યું છે કે, મેં તેની સાથે સંબંધ નહીં રાખતા અને પોલીસ કેસ કરવાની ધમકી આપતા તેણે હું કોઈનાથી ડરતો નથી, તું નહીં આવે તો હું મરી જઈશ. તેમ કહી પજવણી ચાલુ રાખી હતી. જેથી મારા માતા-પિતા ન જાણ કરી પોલીસ ફરિયાદ કરી હતી. ગોત્રી પોલીસે આ ફરિયાદને આધારે તાંદલજાના શાંતિ વન સોસાયટીમાં રહેતા મહમદ કેફ રફીકભાઈ શેખ સામે ગુનો નોંધ્યો છે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**

**સંજય તાડા - 99244 66899**

---

**નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ બતાવી વિશ્વાસ જીત્યો**

# શેરબજારમાં રોકાણના નામે ગાંધીનગરના વેપારી સાથે લાખોની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર,તા.૨૧**

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સાયબર ગઠિયાઓએ રોકાણના નામે વધુ એક વેપારીને લાખોનો ચૂનો લગાવ્યો છે. ગાંધીનગરના કુડાસણમાં રહેતા અને માણસામાં સબમર્સિબલ મોટર પાર્ટ્સનો વ્યવસાય કરતા ૫૦ વર્ષીય વેપારીને 'UTI એસેટ મેનેજમેન્ટ'ના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી સાયબર માફિયાઓએ રૂ.૧૩.૭૯ લાખ પડાવી લીધા છે. ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ ફરિયાદ અનુસાર, કુડાસણ ખાતે રહેતા અને પાનલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝના માલિક શૈલેષભાઈ જયંતિલાલ મોદી ૧૬ જૂનના રોજ પોતાની ફેક્ટરી પર હતા, ત્યારે તેમને ફેસબુક પર એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં 'UTI AMC'ના બેનર હેઠળ શેરબજારમાં રોકાણ માટે માર્ગદર્શન આપવાનો દાવો કરવામાં આવ્યો હતો. શૈલેષભાઈએ લિંક પર ક્લિક કરતા જ તેમને 'C702 UTI St®aegy Practice Camp' નામના એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા.

આ ગ્રુપમાં અન્ય સભ્યો દ્વારા મેળવવામાં આવેલા નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ અવારનવાર મુકવામાં આવતા હતા. ત્યારબાદ તેમને 'VIP ગ્રુપ C99'માં ઉમેરવામાં આવ્યા, જ્યાં શેરબજારમાં લે-વેચની ટિપ્સ આપવામાં આવતી હતી. ગઠિયાઓએ શૈલેષભાઈને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી, જે દેખાવમાં અસલ UTI AMC જેવી જ હતી. તેમાં તેમણે પોતાનું આઈડી બનાવી બેંકની વિગતો ભરી હતી. ૧૬ જૂન થી ૨૨ જુલાઈ દરમિયાન, વેપારીને વિશ્વાસમાં લઈ અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૧૩.૭૯ લાખ ભરાવવામાં આવ્યા હતા. આ નાણાં સાહિલ એન્ટરપ્રાઈઝ, આર એસ એન્ટરપ્રાઈઝ અને યશ ટ્રેડર્સ જેવા નામે ખોલાયેલા વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થયા હતા. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ શૈલેષભાઈને ૧૦૦૦ રૂપિયા વિથડ્રો કરવા દીધા હતા.

**આ ગ્રુપમાં અન્ય સભ્યો દ્વારા મેળવવામાં આવેલા નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ અવારનવાર મુકવામાં આવતા હતા**

જ્યારે શૈલેષભાઈએ પોતાનું રોકાણ અને નફો પરત લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે ગઠિયાઓએ ટેક્સ અને અન્ય ચાર્જના બહાને વધુ પૈસાની માંગણી કરી હતી. છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા તેમણે તુરંત સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો.

આ મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા અન IT એક્ટ હેઠળ અજાણ્યા ગઠિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.